Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



અજ્ઞાની ક્રોડો વર્ષે
કર્મ ખપાવે જેહ;
જ્ઞાની શ્વાસોચ્છવાસમાં
કર્મ ખપાવે તેહ.

પુસ્તક : ૮૫
અંક : ૪

મહા
ફેબ્રુઆરી
૧૯૮૮

આત્મ સંવત ૯૩
વીર સંવત ૨૫૧૩
વિક્રમ સંવત ૨૦૪૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | હે પરમાત્મા | પરમસમીપે માંથી | ૪૯ |
| (૨) | દ્વાદશાર નયચક્ર | શ્રી હીરાલાલ શાહ | ૫૦ |
| (૩) | યુવાનો કયે માર્ગે | જ્યોતિ પ્ર. મહેતા | ૫૩ |
| (૪) | મલ્લવાદીસૂરિ પ્રબંધ | — | ૫૬ |
| (૫) | સાધના સાર્થક ક્યારે બને? | પ્રફુલા જેઠાલાલ સાવલા | ૬૦ |
| (૬) | દ્વાદશાર નયચક્ર ગ્રન્થના ઉદ્દ્ઘાટન સમારોહ | — | ૬૪ |


શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર. સંવત ૨૦૪૪ના મહા સુદ ૧૪ને સોમવાર તા. ૧-૨-૮૮ના રોજ નીચે મુજબ **આજીવન સભ્ય થયા છે.**

(૧) શ્રી રમેશભાઈ મનુભાઈ સંઘવી - ભાવનગર

(૨) શ્રીમતી વાસંતીબેન રમેશભાઈ સંઘવી "

(૩) શ્રીમતી ચન્દ્રાબેન ચીમનલાલ શાહ "

## આવતો અંક

"શ્રી આત્માનંદ પ્રકાશ"નો આવતો અંક તા ૧૬-૪-૮૮ના રોજ "મહાવીર જન્મ કલ્યાણક" અંક તરીકે બહાર પડશે. લેખકોને તે અંગેના લેખો અને કાવ્યો મોકલી આપવા નમ્ર વિનંતી છે.

— તંત્રી

**રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ ૮ પ્રમાણે "શ્રી આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતે પ્રગટ કરવામાં આવે છે.**

૧. પ્રસિદ્ધિ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ-ભાવનગર.
૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ : શેઠ હેમેન્દ્રકુમાર હરિલાલ
   ક્યા દેશના : ભારતીય.
   ઠેકાણું : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.
૪. પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા વતી, શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી
   ક્યા દેશના : ભારતીય.
   ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગર.
૫. તંત્રીનું નામ : કાન્તિલાલ જગજીવનદાસ દોશી
   ક્યા દેશના : ભારતીય.
   ઠેકાણું : શ્રી આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર.
૬. સામાયિકના માલીકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

આથી હું કાન્તિલાલ જગજીવનદાસ દોશી જાહેર કરૂં છુ કે ઉપરની આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૨-'૮૮ **કાન્તિલાલ જગજીવનદાસ દોશી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# પરિપત્ર

**સુજ્ઞ સભાસદ બંધુઓ/બહેનો,**

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સં. ૨૦૪૪ના ફાગણ વદ ત્રીજ તા. ૬-૩-૮૮ રવિવારના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઇ લેકચર હોલમાં મળશે તો આપ અવશ્ય પધારવા તસ્દી લેશો.

**કાર્યો :—**

(૧) તા. ૧-૩-૮૭ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજુર કરવા.

(૨) સંવત ૨૦૪૩ની સાલના આવક ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજુર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરવા માટે ભલામણ કરેલ છે. તે સભ્યોને જોવા માટે સભાનાં ટેબલ ઉપર મૂકેલ છે.

(૩) સંવત ૨૦૪૪ની સાલના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજુરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજુરીથી મંત્રી રજુ કરે તે.

લી. સેવકો,
હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
કાન્તીલાલ હેમરાજ વાંકાણી
માનદ્ મંત્રીઓ

તા. ૧૬-૨-૮૮
ભાવનગર.

---

**તા. ક. :-** આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા આજીવન પેટ્રન

## શ્રી નગીનદાસ વિઠ્ઠલદાસ કાંટાવાળાની જીવન ઝરમર



શ્રી નગીનદાસ વિઠ્ઠલદાસ કાંટાવાળા મૂળ ઘોઘાના રહેવાસી પણ ઘણા વરસોથી ભાવનગર આવી વસ્યા ને સ્થાયી થયા. સૌથી નિષ્પાપ-નિર્દોષ ધંધો સોના ચાંદીનો કરે અને ધરમના કાંટો ચલાવે. સોનુ ચાંદી તોળવાનો વ્યવસાય પણ સાથે જ કરે. એક પૈસો કે બે પૈસા તોળાઈના લઈ ચીઠ્ઠી કરી આપે. નાણાવટીઓ અને ઘરાકો સૌને માન્ય રહે. તદ્દન પ્રમાણિકપણે આ વ્યવસાય કરાતો હોવાથી એને ધરમનો કાંટો કહેવામાં આવતો. ગમે તે વસ્તુ તોળવી હોય તો "ધરમના કાંટાની ચીઠ્ઠી લઈ આવો" એકજ શબ્દ સોના મેઢામાથી નાકળે. માટેજ એમની અટક "કાંટાવાળા" પડી ગઈ.

માતા પિતા ખૂબજ ધર્મીષ્ઠ અને સ્વભાવે શાંત અને પરગજુ પરોપકારી નીતિ અને પ્રમાણિક જીવન જીવવામાંજ ગૌરવ માનતા. સંવત ૧૯૭૧ના કારતક શુદ ૪ તા. ૨૩-૧૦-૧૪ ના મંગળ દિવસે નગીનભાઈનો જન્મ થયો. પુત્રના લક્ષણ પારણામાંથી વરતાય એમ માતા પિતાના સંસ્કાર એમનામાં ઉતર્યા, અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે એમનું સ્થાન હતું. સામાન્ય અભ્યાસ કર્યો, ધાર્મિક અભ્યાસ પણ પંચ પ્રતિક્રમણ સુધી કર્યો. દરરોજ પૂજા-દર્શન તથા શકય એટલા તપ જપ કરે. અભ્યાસ પૂરો કર્યા પછી દુકાનનો-ધંધાનો બોજો પોતે ઉપાડી લીધો. અને તેમાં સારી ખ્યાતિ મેળવી.

પુણ્યશાળીને પત્ની પણ પુણ્યશાળીજ મળે ભાવનગરના પ્રખ્યાત વેપારી શેઠ દુર્લભદાસ ત્રીભોવનદાસ ટાણાવાળાના સુપુત્રી સુભદ્રાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા. સુભદ્રાબેનના પગલે દિન પ્રતિદિન પ્રત્યેક વાતમાં પ્રગતિ થતીજ ગઈ. લક્ષ્મીદેવીની કૃપા વધતી રહી. તેનાથી ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ થયા. જેમાંથી હાલ બે પુત્રો (૧) રમેશભાઈ (૨) પ્રવિણભાઈ તથા પુત્રીઓ (૧) પ્રતિભાબેન (૨) રંજનબેન અત્યારે વિદ્યમાન છે.

પ્રતિભાબેન પંદર વરસથી અમેરિકા વસતા હતા. તેમને મળવા તેમના માતુશ્રી સુભદ્રાબેન અમેરિકા ગયા હતા. જ્યાં પર્યુષણ મહાપર્વમાં સં. ૧૯૩૯ના ભાદરવા શુદ ૧ના દિવસે હાર્ટ-એટેક આવવાથી સ્વર્ગવાસ થયેલ. તેઓ ધર્મપરાયણ શ્રદ્ધાળુ આત્મા હતા. જીવનમાં દાન શિયલ તપ અને ભાવનાથી ધર્મના રંગે રંગાએલા હતા, દરરોજ દેવદર્શન, પૂજા, પ્રતિક્રમણ સામાયિક તથા તપસ્યામાં અઠ્ઠાઈ, સોળ ઉપવાસ, ઉપધાન તપ, વીશ સ્થાનકની ઓળી, વર્ધમાન તપ ઇત્યાદિ તપસ્યાઓ તથા આબુજી, રાણકપુર, જેસલમેર, સમેતશિખર ઇત્યાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યાત્રાઓ કરી હતી અને સગા સંબંધીઓને સારી સંખ્યામાં લઈ જઈને જેસલમેરની યાત્રા પણ કરાવી હતી. પાલીતાણામાં કેસરીયાજી મંદીરમાં એક ભગવાન બીરાજમાન કરી પ્રતિષ્ઠાનો લાભ લીધો છે. બધામાં શ્રી નગીનભાઈ તો સાથે જ હોય.

લગભગ ૩૦ વરસથી શ્રી નગીનભાઈ મુંબઈમાંજ વસે છે. બુદ્ધિશાળી વિચારક મળતાવડા વિવેકી અને સાહસિક છતાં ગણત્રીબાજ વેપારી છે. ખાસ કરીને વાયદાના વેપારમાંજ એમને રસ છે ધર્મ ઉપરની અપૂર્વ શ્રદ્ધા. દર્શન પૂજા તો કરેજ વળી જીવનભર નવકારશી તપ કરવો, કંદમૂળ ત્યાગ અને પાંચ તિથિ લીલોતરીનો પણ ત્યાગ કરેલ છે.

ઉદારતા દાન ધર્મ એમને ખૂબજ પ્રિય છે. સુપાત્રદાન તથા સાધર્મિક ભક્તિમાં ખૂબ આનંદ ધરાવે છે. પોતાનું વતન ભાવનગર ઉપર વિશિષ્ટ લાગણી ધરાવે છે અને પરોપકારની અનેક પ્રવૃત્તિઓમાં એમનુ યોગદાન હોય જ. સાધર્મિક ભક્તિ તથા માનવ સેવાના પ્રત્યેક કાર્યમાં તથા સમૂહલગ્ન વિગેરેમાં તેઓ તન મન અને ધન ત્રણેનો સહકાર આપી રહ્યા છે.

શ્રી નગીનભાઈએ સં. ૨૦૩૯માં સગા સબંધીઓને જેસલમેરની યાત્રા કરાવી લાભ લીધો હતો. ભાવનગરની શ્વે.જૈનશાળામાં રૂા. દસ હજાર આંબેલશાળામાં ૬ હજાર તથા શ્રી જૈન શ્વે. સેવા સમાજને આશરે પચાસ હજારથી પણ વધારે આપી બધીજ સેવામાં સહકાર આપતા જ રહ્યા છે. એમની ઉંમર ૭૩ વરસની છે છતાં શરીરની સાચવણીથી ઘણા યુવાન દેખાય છે. એમનો પ્રકૃતિ શાંત અને સરળ સ્વભાવ તથા બુદ્ધિપ્રભા અનુમોદન કરવા જેવા છે. ચાલુ સાલમાં સં. ૨૦૪૪ના કારતક શુદ ૪ ના આતના જન્મ દિવસેજ તેઓ આ સભાના પેટ્રન થયા છે તે માટે આભાર!

રાયચંદ મગનલાલ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# પરિપત્ર

**સુજ્ઞ સભાસદ બંધુઓ/બહેનો,**

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સં. ૨૦૪૪ના ફાગણ વદ ત્રીજ તા. ૬-૩-૮૮ રવિવારના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઇ લેકચર હોલમાં મળશે તો આપ અવશ્ય પધારવા તસ્દી લેશો.

કાર્યો :—

(૧) તા. ૧-૩-૮૭ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજુર કરવા.

(૨) સંવત ૨૦૪૩ની સાલના આવક ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજુર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરવા માટે ભલામણ કરેલ છે. તે સભ્યોને જોવા માટે સભાનાં ટેબલ ઉપર મૂકેલ છે.

(૩) સંવત ૨૦૪૪ની સાલના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજુરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજુરીથી મંત્રી રજુ કરે તે.

લી. સેવકો,
હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
કાન્તીલાલ હેમરાજ વાંકાણી
માનદ્ મંત્રીઓ

તા. ૧૬-૨-૮૮
ભાવનગર.

---

તા. ક. :- આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા આજીવન પેટ્રન

# શ્રી નગીનદાસ વિઠ્ઠલદાસ કાંટાવાળાની જીવન ઝરમર



શ્રી નગીનદાસ વિઠ્ઠલદાસ કાંટાવાળા મૂળ ઘોઘાના રહેવાસી પણ ઘણા વરસોથી ભાવનગર આવી વસ્યા ને સ્થાયી થયા. સૌથી નિષ્પાપ-નિર્દોષ ધંધો સોના ચાંદીનો કરે અને ધરમના કાંટો ચલાવે. સોનુ ચાંદી તોળવાનો વ્યવસાય પણ સાથે જ કરે. એક પૈસો કે બે પૈસા તોળાઈના લઈ ચીઠ્ઠી કરી આપે. નાણાવટીઓ અને ઘરાકો સૌને માન્ય રહે. તદ્દન પ્રમાણિકપણે આ વ્યવસાય કરાતો હોવાથી એને ધરમનો કાંટો કહેવામાં આવતો. ગમે તે વસ્તુ તોળવી હોય તો "ધરમના કાંટાની ચીઠ્ઠી લઈ આવો" એકજ શબ્દ સૌના મોઢામાથી નીકળે. માટેજ એમની અટક "કાંટાવાળા" પડી ગઇ.

માતા પિતા ખૂબજ ધર્મીષ્ઠ અને સ્વભાવે શાંત અને પરગજુ પરોપકારી નીતિ અને પ્રમાણિક જીવન જીવવામાંજ ગૌરવ માનતા. સંવત ૧૯૭૧ના કારતક શુદ ૪ તા. ૨૩-૧૦-૧૪ ના મંગળ દિવસે નગીનભાઈનો જન્મ થયો. પુત્રના લક્ષણ પારણામાંથી વરતાય એમ માતા પિતાના સંસ્કાર એમનામાં ઉતર્યા, અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે એમનું સ્થાન હતું. સામાન્ય અભ્યાસ કર્યો, ધાર્મિક અભ્યાસ પણ પંચ પ્રતિક્રમણ સુધી કર્યો. દરરોજ પૂજા-દર્શન તથા શકય એટલા તપ જપ કરે. અભ્યાસ પૂરો કર્યો પછી દુકાનનો-ધંધાનો બોજો પોતે ઉપાડી લીધો. અને તેમાં સારી ખ્યાતિ મેળવી.

પુણ્યશાળીને પત્ની પણ પુણ્યશાળીજ મળે ભાવનગરના પ્રખ્યાત વેપારી શેઠ દુર્લભદાસ ત્રીભોવનદાસ ટાણાવાળાના સુપુત્રી સુભદ્રાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા. સુભદ્રાબેનના પગલે દિન પ્રતિદિન પ્રત્યેક વાતમાં પ્રગતિ થતીજ ગઇ. લક્ષ્મીદેવીની કૃપા વધતી રહી. તેનાથી ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ થયા. જેમાંથી હાલ બે પુત્રો (૧) રમેશભાઇ (૨) પ્રવિણભાઇ તથા પુત્રીઓ (૧) પ્રતિભાબેન (૨) રંજનબેન અત્યારે વિદ્યમાન છે.

પ્રતિભાબેન પંદર વરસથી અમેરિકા વસતા હતા. તેમને મળવા તેમના માતુશ્રી સુભદ્રાબેન અમેરિકા ગયા હતા. જ્યાં પર્યુષણ મહાપર્વમાં સં. ૧૯૩૯ના ભાદરવા શુદ ૧ના દિવસે હાર્ટ-એટેક આવવાથી સ્વર્ગવાસ થયેલ. તેઓ ધર્મપરાયણ શ્રદ્ધાળુ આત્મા હતા. જીવનમાં દાન શિયલ તપ અને ભાવનાથી ધર્મના રંગે રંગાએલા હતા, દરરોજ દેવદર્શન, પૂજા, પ્રતિક્રમણ સામાયિક તથા તપસ્યામાં અઠ્ઠાઈ, સોળ ઉપવાસ, ઉપધાન તપ, વીશ સ્થાનકની ઓળી, વર્ધમાન તપ ઇત્યાદિ તપસ્યાઓ તથા આબુજી, રાણકપુર, જેસલમેર, સમેતશિખર ઇત્યાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


યાત્રાઓ કરી હતી અને સગા સંબંધીઓને સારી સંખ્યામાં લઈ જઈને જેસલમેરની યાત્રા પણ કરાવી હતી. પાલીતાણામાં કેસરીયાજી મંદીરમાં એક ભગવાન બીરાજમાન કરી પ્રતિષ્ઠાનો લાભ લીધો છે. બધામાં શ્રી નગીનભાઈ તો સાથે જ હોય.

લગભગ ૩૦ વરસથી શ્રી નગીનભાઈ મુંબઈમાંજ વસે છે. બુદ્ધિશાળી વિચારક મળતાવડા વિવેકી અને સાહસિક છતાં ગણત્રીબાજ વેપારી છે. ખાસ કરીને વાયદાના વેપારમાંજ એમને રસ છે ધર્મ ઉપરની અપૂર્વ શ્રદ્ધા. દર્શન પૂજા તો કરેજ વળી જીવનભર નવકારશી તપ કરવો, કંદમૂળ ત્યાગ અને પાંચ તિથિ લીલેતરીના પણ ત્યાગ કરેલ છે.

ઉદારતા દાન ધર્મ એમને ખુબજ પ્રિય છે. સુપાત્રદાન તથા સાધર્મિક ભક્તિમાં ખુબ આનંદ ધરાવે છે. પોતાનું વતન ભાવનગર ઉપર વિશિષ્ટ લાગણી ધરાવે છે અને પરોપકારની અનેક પ્રવૃત્તિઓમાં એમનુ યોગદાન હોય જ. સાધર્મિક ભક્તિ તથા માનવ સેવાના પ્રત્યેક કાર્યમાં તથા સમૂહલગ્ન વિગેરેમાં તેઓ તન મન અને ધન ત્રણેનો સહકાર આપી રહ્યા છે.

શ્રી નગીનભાઇએ સં. ૨૦૩૯માં સગા સંબંધીઓને જેસલમેરની યાત્રા કરાવી લાભ લીધો હતો. ભાવનગરની ભે.જૈનશાળામાં રૂા. દસ હજાર આંબેલશાળામાં ૬ હજાર તથા શ્રી જૈન શ્વે. સેવા સમાજને આશરે પચાસ હજારથી પણ વધારે આપી બધીજ સેવામાં સહકાર આપતા જ રહ્યા છે. એમની ઉંમર ૭૩ વરસની છે છતાં શરીરની સાચવણીથી ઘણા યુવાન દેખાય છે. એમનો પ્રકૃતિ શાંત અને સરળ સ્વભાવ તથા બુદ્ધિપ્રભા અનુમોદન કરવા જેવા છે. ચાલુ સાલમાં સં. ૨૦૪૪ના કારતક શુદ ૪ ના બાના જન્મ દિવસેજ તેઓ આ સભાના પેટ્રન થયા છે તે માટે આભાર!

રાયચંદ મગનલાલ શાહ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્દતંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

વર્ષ : ૮૫] ● વિ. સં. ૨૦૪૪ : મહા ફેબ્રુઆરી-૧૯૮૮ ● [અંક : ૪




## હે પરમાત્મા,

જેમ હું ધન આપવાની બાબતમાં ઉદાર બની શકું છું.
તેમ સમય આપવામાં, ક્ષમા આપવામાં પ્રેમ આપવામાંયે ઉદાર બની શકું

— એવી મને હૃદયની મોટપ આપો.

મારા કરતા બીજા વધારે સારૂં કામ કરે.
ત્યારે હું તેની પ્રશંસા કરી શકું.
મને ન ગમતા લોકોમાં પણ, સારી બાબતો જોઇ શકું.
મારા વિચારોનો વિરોધ કરતા લોકો પણ મારા મિત્રો હોઈ શકે તેવું માની શકું.

— એવી મને હૃદયની મોટપ આપો.

કોઇ ખોટું કામ કર્યું હોય,
કે બીજાઓને ખોટી રીતે નારાજ કર્યા હોય.
તો ખુલ્લા મનથી દિલગીરી પ્રગટ કરી શકું.
ગુસ્સાથી કે ગેરસમજથી સબંધ વિચ્છેદાયો હોય ત્યારે,
સામે ચાલીને એ સરખો કરવાની પહેલ કરી શકું.

— એવી મને હૃદયની મોટપ આપો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • દ્વાદશાર નયચક્ર

(દ્વાદશાર નયચક્રના ઉદ્‌ઘાટન પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રીનું પ્રવચન)

— શ્રી હીરાલાલ બી. શાહ

જૈન શાસનમાં વાદી પ્રભાવક તરીકેની પ્રસિદ્ધિ પામેલા તાર્કિક શિરોમણિ આચાર્યશ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણે "દ્વાદશાર નયચક્રમ" નામનો ગ્રંથ લખ્યો હતો. મલ્લવાદી પ્રણીત "દ્વાદશારં નયચક્રમ" નું મૂળતો મળતુ જ નથી. પણ તેની ઉપર આચાર્ય શ્રી સિંહસુરિ ક્ષમાશ્રમણે રચેલી અતિ વિસ્તૃત નયચક્રવૃત્તિ જે મળે છે તેનું સંશોધન કરવાની ખાસ આવશ્યકતા હતી. આ કાર્ય અત્યંત કઠિન હતુ એટલે આગમ પ્રભાકર મુનિરાજ શ્રી પુણ્ય વિજયજી મહારાજે આ ગ્રંથનું સંશોધન-સંપાદન કરવા પૂજ્ય શ્રી જંબૂવિજય મહારાજને ભલામણ કરી. અતિશય-કઠિન હોવા છતાં પૂજ્ય શ્રી એ પોતાના પૂજ્ય ગુરૂદેવ શ્રી ભુવન વિજયજી મહારાજના આશીર્વાદ અને પૂર્ણ સહકારથી આ અતિ કઠિનકાર્યનો સં. ૨૦૦૩ ની સાલમાં આરંભ કર્યો પૂજ્ય શ્રી સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી વગેરે ભાષાઓનો અભ્યાસ કરેલ હતો. પરંતુ આ ગ્રંથનું સંપાદન કરતી વખતે તેઓશ્રીને લાગ્યું કે સાંખ્ય, વૈશેષિક, બૌધ્ધ આદિ દર્શનોના જે જે ગ્રંથોનુ નયચક્રમાં ખંડન કરેલ છે તેમાંથી મોટા ભાગનું સાહિત્ય આજે નામશેષ થઈ ગયુ છે. તેમ છતા સંસ્કૃત ભાષાના આ ગ્રંથો નષ્ટ થયા હોવા છતાં તેમાના કેટલાકનુ તિબેટન ભાષામાં થયેલા અનુવાદો મળે છે; એટલે એ ગ્રંથોની જાણકારી માટે પૂજ્યશ્રીએ તિબેટન ભાષાનો અભ્યાસ કર્યો. ત્યારબાદ ગ્રંથોના તિબેટન અનુવાદો મેળવીને વાંચી લીધા. તિબેટન ભાષામાં અનુવાદિત સંબંધ ધરાવતા ગ્રંથો તપાસ્યા પછી આ બાબતના જાણકાર પરદેશી વિદ્વાનો, ઓસ્ટ્રીયા ના ડો ઈ ફ્રાઉલનેર, ઈટલીના ડૉ. ટુચી, ઇંગ્લાંડ ના ડૉ. થોમ્પસન યુનાઇટેડ સ્ટેટસના ડૉ. વોલ્ટર મૌરેર અને ડૉ. જયોર્જ બુર્ચ, જાપાનના ડૉ. પેન્શોકાનકુરા વગેરે સાથે તેઓ પત્રવ્યવહાર સંબંધમાં છે અને આ સર્વનો લાભ તૈયાર કરતી વખતે આ ગ્રંથોને મળ્યો છે. આ ગ્રંથ ના સંપાદનમાં આધારભૂત મુખ્ય બે પ્રતો છે. એક આચાર્ય શ્રી ધર્મમૂર્તિ સૂરીજીએ લખાવેલી પ્રત છે જે ભાવનગર સંઘની શેઠ શ્રી ડોસાભાઇ અભેચંદ પેઢીના જ્ઞાન ભંડારમાંથી મળી હતી. બીજી પ્રત ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે તેઓશ્રીના પૂજ્ય ગુરુદેવ અને અન્ય સાત મુનિવરો સાથે ૧૮૦૦૦ શ્લોક જેટલી નકલ કરી હતી તે પ્રત છે જે અમદાવાદ દેવસાના પાડાના ઉપાશ્રયમાંથી મળી આવી હતી.

"દ્વાદશારં નયચક્ર" નો મુખ્ય વિષય નયો ના નિરૂપણ દ્વારા એકાંતવાદી સર્વ દર્શનોનું નિરસન અને જૈન ધર્મ સંમત અનેકાંતવાદના સ્થાપના એ છે. અનેકાત્મક વસ્તુના એક દેશનું અવધારણ કરનારી દ્રષ્ટિને નય કહેવામાં આવે છે. આવા નયો અનંત છે. છતા જૈન દર્શનમાં તે બધાનો સંક્ષેપ સાત નયોમાં કર્યો છે. નયચક્ર માં નિરૂપેલા નયો પરંપરાગત નયો કરતા ભિન્ન છે અને તે બાર છે. આ બાર નયોમાં પરંપરાગત સાત નયોના સંબંધ તો છે જ. ગ્રંથનુ નામ "દ્વાદશાર નયચક્ર" છે તે બરાબર સાર્થક છે. જેમ ચક્રમાં બાર આરાઓ છે તેમ આમાં પણ અરાત્મક બાર પ્રકરણો છે, એકેક અરમાં એકેક નયનું નિરૂપણ કરવામાં આવ્યુ છે અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમાં નય સાથે સંબંધ ધરાવતા દાર્શનિક વિચારોને સમાવી લેવામાં આવ્યા છે.

ચક્ર આકારે નયોની યોજના કરવાથી એ પણ સૂચિત થાય છે કે આ નયોનું ખંડન-મંડનનું ચક્ર નિરંતર ચાલ્યા જ કરે છે, અને એમના વાદ વિવાદોનો કોઈ અંત જ નથી, પરંતુ વાદોમાં પરમેશ્વર જેવા અનેકાંતવાદ-સ્યાદ્‌વાદ નો આશ્રય જો લેવામાં આવે તો આ બધા નયોના વાદોનો તરત જ અંત આવી જાય. "નયચક્ર" ની એક ખાસ વિશિષ્ટતા એ છે કે વિધિવાદ, દ્વૈતવાદ, અદ્વૈતવાદ, ઈશ્વરવાદ આદિ કોઇ વાદોનું તેમાં સીધુ ખંડન જૈન દર્શન તરફથી કરવામાં આવ્યુ નથી. ભિન્ન ભિન્ન નયો જ એક બીજાનું ખંડન કરે છે. આ શૈલીથી મુખ્ય તમામ દાર્શનિક વિચારોનો વ્યવસ્થિત ચિંતન-ક્રમ તથા ખંડન-મંડનક્રમ તટસ્થ દૃષ્ટિથી ગોઠવીને બધા નયવાદોનો સમાવેશ નયચક્રમાં બહુ જ સુંદર પદ્ધતિથી કરવામાં આવ્યો છે. નયવાદો કેવી રીતે અનેકાંતવાદનો આશ્રય લે છે અને દરેક નયનુ બીજ જૈન આગમ ગ્રંથોમાં કયા કયા વાકયમાં રહેલું છે એ પણ જણાવેલ છે. આ રીતે અનેકાંત દૃષ્ટિથી જૈન દર્શનની સર્વ નય સમૂહાત્મકતા સિદ્ધ કરવામાં આવી છે.

સંવત ૨૦૨૨ માં તા. ૩૦-૪-૬૭ના રોજ શ્રી જૈન આત્માનંદ સભાનો મણિમોહત્સવ માનનીય શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઇ શેઠના પ્રમુખસ્થાને યોજાયો હતો. તેની સાથે આગમ પ્રભાકર પૂજ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબની સાન્નિધ્યમાં ડૉ. શ્રી આદિનાથ ઉપાધ્યે ના શુભહસ્તે ગ્રંથના પહેલા ભાગનું ઉદ્‌ઘાટન ભાવનગરમાં કરવામાં આવ્યું હતું. જેની અંદર ૧ થી ૪ અર છે.

આ ગ્રંથ ના બીજા ભાગનું ઉદ્‌ઘાટન આ સંસ્થાના ઉપક્રમે તા. ૧૦ ૧ ૭૭ ના રોજ સંવત ૨૦૩૩ માં મુંબઇમાં-પાયધુનીના ગોડીજી જૈન ઊપાશ્રયમાં યુગ દિવાકર પૂજ્ય આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી આદિ મહારાજ સાહેબ તથા સાહિત્ય કલારત્ન પુજ્ય આચાર્ય શ્રી વિજય યશોદેવ સુરીશ્વરજી આદિ મહારાજ સાહેબની શુભ નિશ્રામાં કરવામાં આવ્યું હતું. આજે સંવત ૨૦૪૪ ના મહા શુ. ૮ ને ત્રીજા ભાગની ઊદ્‌ઘાટન વિધિ થાય છે. બીજા ભાગમાં ૫થી૮ અર છે અને ત્રીજા ભાગમાં ૯ થી ૧૨ અર છે.

આ ગ્રંથ નું સંશોધન-સંપાદન સર્વાંગ અને સંપૂર્ણ બને તેટલા માટે પૂજ્યશ્રીએ કોઇ પણ પ્રયાસ બાકી રાખ્યો નથી. તેથી સંવત ૨૦૦૩ માં આ મહાન અતિ કઠિન કાર્ય નો આરંભ કર્યો તે સંવત ૨૦૪૪ ની સાલમાં શાસન દેવની કૃપાથી પૂર્ણ થાય છે.

આ કાર્ય કરવાની જેમણે પ્રેરણા આપી અને જરૂરી સહકાર તથા માર્ગદર્શન આપ્યાં અને જેમનું સમગ્ર જીવન આગમ સંશોધનની પ્રવૃતિથી સભર છે તે આગમ પ્રભાકર પૂજ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજનો બધા ઉપર અત્યંત ઊપકાર છે. તેમને કોટી કોટી વંદના સાથે સ્મરણાંજલિ અર્પીએ છીએ. પૂજ્યશ્રીના પૂજ્ય ગુરૂદેવ મહારાજ શ્રી ભુવનવિજયજી મહારાજે અહર્નિંશ પ્રેમભાવે અવિરત પ્રેરણા આપી. તેમને કોટી કોટી વંદના સાથે સ્મરણાંજલિ અર્પિએ છીએ.

આજે મહાનચિંતક, દર્શનકાર, તેમજ ન્યાયિક તરીકે પૂજ્ય શ્રી જંબૂવિજયજીનું નામ વિદ્વાનગણમાં મોખરે છે અને ન્યાય શાસ્ત્રમાં દેશ પરદેશના વિદ્વાનોનું પૂછવા ઠેકાણું બની રહયા છે. તે ઉપરાંત એક ઊચ્ચ કોટીના સાધક છે. કીર્તિ કે પ્રશંસાથી હમેશા દુર જ રહે છે. યોગ સાધના તેમની પ્રિય પ્રવૃત્તિ છે. નમ્રતા અને સરળતાથી જેમનુ જીવન હમેશા સુવાસિત બન્યુ છે. આવા મહાન જ્ઞાન તપસ્વી પૂજ્યશ્રીએ શ્રી દ્વાદશાર નયચક્રનું શુદ્ધ સંશોધન કરી આપી શ્રી જૈન આત્માનંદ સભાને એ કિંમતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગ્રંથ પ્રકાશનનું ગૌરવ લેવાની કિંમતી તક આપી છે તે સભાના સાહિત્ય પ્રકાશનના ઇતિહાસમાં એક ઉજ્જવળ પ્રકરણ સદાને માટે અમર રહેશે. લાખો રૂપીયાના ખર્ચે જે દુર્લભ એવું સંશોધન નિસ્પૃહભાવે પૂજ્યશ્રીએ કરી આપેલ છે. તે બદલ આ સભા સદાને માટે તેઓશ્રીની ઋણી રહેશે. જ્ઞાન તરપવી પૂજ્યશ્રી જંબૂવિજયજી મહારાજને કોટી કોટી વંદના કરીએ છીએ.

અંતમાં ત્રીજા ભાગનું સુંદર છ.પકામ કરી આપવા બદલ એસોસિયેટેડ એડવર્ટાઈઝર્સ એન્ડ પ્રીન્ટર્સ મુંબઈ અને શ્રી હર્ષા પ્રીન્ટર્સ મુંબઇ તેમજ દેશ પરદેશના વિદ્વાનોએ જે સહકાર આપેલ છે તે સર્વેનો અમો ખૂબજ આભાર માનીએ છીએ. અત્રે ઉપસ્થિત આચાર્ય ભગવંતોને અને મુનિ ભગવંતોને કોટી કોટી વંદના કરીને વિરમું છું.

"જય જિનેન્દ્ર"

## સત્ત્વશીલ સાહિત્યની જરૂર

હું એ દિવસની રાહ જોઉં છું. જ્યારે દીવાનખાનાઓમાં ફર્નિચર જેટલી જ સત્ત્વશીલ સાહિત્યની જરૂર ગણાશે.

કોઈ પણ દીવાનખાનાની અંદર જોઉં ત્યારે સૌથી પહેલાં હું ત્યાં પડેલ સામાયિકો અને પુસ્તકો તરફ નજર નાખી લઉં છું. મારે મન સાહિત્ય વ્યક્તિના સાચા સંસ્કારનો માપદંડ છે વિનય, વિવેક, પ્રફુલ્લતા, નિષ્ઠા આ ગુણોના વિકાસમાં સારું સાહિત્ય જેટલું ઉપકારક પરિબળ બીજું કોઈ નથી. જે લોકો શબ્દની શક્તિ પ્રમાણે છે, એમના માટે સારા પુસ્તકો એક મહત્ત્વની મૂડી બની જાય છે. પોતે તો મહાન મૂડીનો ઉપયોગ કરે જ છે એ સાથે પોતાના મિત્રો સ્વજનો અને પરિવારને પણ એનો લાભ આપે છે.

— બર્ટ્રાન્ડ રસેલ

## આપણે જ આપણા ચોકીદાર

• આપણું આખું જીવન મોતથી ઘેરાયેલું પડયું છે...કયારે મોત આવી પડે ને જીવન સમાપ્ત થઇ જાય એની કશી ખબર પડતી નથી.

० મહાન શક્તિશાળી સિકંદરને પણ દુનિયાને છોડીને જવું પડયું. એ આખી દુનિયાનો માલિક હોવા છતાં એને ખાલી હાથે જવું પડયું.

० આ દુનિયા છોડીને જવાનો વખત આવશે ત્યારે આપણી પણ આ જ હાલત થવાની છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • યુવાનો કયે માર્ગે

○ જ્યોતિ પ્ર. મહેતા

**શા** માટે આજનાં યુવાનો વળી રહ્યા છે માદક દ્રવ્યો તરફ!

યૌવન એ જીવનની વસંત છે. નાનો બાળક આ આકર્ષક યુવાનીની રાહ જુએ છે અને વૃદ્ધ માણસ જેને રોજ યાદ કરે છે, કારણકે યુવાની એ માનવજીવનનો સુવર્ણકાળ છે. જીવનનાં બાગમાં કર્તવ્યરૂપી પુષ્પોની ફુલવાડી યૌવનનાં બગીચામાં જ પાંગરે છે ને! પરંતુ સવાલ એ છે કે કર્તવ્યના ફૂલો કાંઇ પુરૂષાર્થરૂપી પ્રકાશ, ખંતરૂપી ખાતર અને નિષ્ઠારૂપી નીરનાં ત્રિવેણી સંગમ વગર થોડા જ ખીલે? મહાન તત્વચિંતક 'ટોલ્સટોયે' જિંદગીની આ મહામૂલી વસંત, જીવન કર્તવ્યનાં ખુશબુદાર ફૂલોની સુગંધ માણ્યા વગર નીરસ, નિરર્થક અને નિરુદ્દેશ ન બની જાય તે માટે, તેઓશ્રીએ જીવનની આ નિર્ણાયક ઘડીને સફળ બનાવવા યુવાન સામે ત્રણ માર્ગ-દર્શક શરતો મૂકતાં કહ્યું છે, "સ્વપ્ન વગરનું યૌવન નકામું છે. યુવાનીની સફળતા માટે મુખ્ય તે ત્રણ પરિબળો પાયાના છે. ઉચ્ચ ધ્યેય. ઉત્તમ મહાત્વાકાંક્ષા અને સહકારી વૃત્તિ! પરંતુ મહાન સ્વપ્ન વગર કયારેય કશુ થવાનું નથી તે નિર્વિવાદ હકીકત છે."

આજનાં આધુનિક યુગની આ એક સળગતી સમસ્યા છે કે આજનાં યૌવનમાં કોઇ મહાત્વા-કાંક્ષા છે ખરી? કોઇ ધ્યેય, કોઇ જીજ્ઞાસા કે કોઈ સફળતા હાંસલ કરવા માટે ઝઝુમવાની મહેચ્છા આજનાં યુવાનમાં દેખાય છે ખરી? જવાબ દ્વિપક્ષી છે હા–અને ના! અલબત આપણે એ કટુસત્યનો સ્વીકાર કરવો પડશે કે અમુક અપવાદરૂપ યુવાવર્ગને બાદ કરતાં, ગુજરાતનાં ઘણાખરા યુવાનોનું જીવન મહાત્વાકાંક્ષા વગરનું કરમાએલા ફૂલો જેવું બન્યું છે. એ આંગળી વચ્ચે સિગારેટ પકડી રસ્તે જતી યુવતી પર પાનની પીચકારી મારનારા યુવાનમા કોઈ મહાત્વાકાંક્ષા હોય શકે ખરી? ઘરડી મા અને વૃદ્ધ બાપ મજૂરી કરે અને જેવો જુવાન દિકરો ઘરમાં દારૂ, ચરસ, ગાંજો કે સ્લીપીન્ગ પીલ્સના નશામા ચકચુર થઇને પડયો રહે છે, ત્યારે એ યુવાનની આંખમા કોઈ સ્વપ્ન દેખાય છે ખરું? આ કમકમાટી ઉપજાવનારા ઉદાહરણો કાંઇ ઉપજાવી કાઢેલાં નથી, પરંતુ આપણે સહુએ નજરે જોયેલાં કે સાંભળેલા ગુજરાતનાં અસંખ્ય ગુમરાહ યુવાનોનાં જીવનમાં તાણા-વાણાની જેમ વણાય ગએલી એક નક્કર હકીકત છે. શું આ શરમજનક પરિસ્થિતિ આ લોકશાહી દેશ માટે પડકારરૂપ નથી? જે દેશનું યાવનધન પોતાની આજને બરબાદ કરી રહ્યું છે તો તેવાં કલંકિત વ્યક્તિત્વો દ્વારા બનનારી દેશની આવતી કાલ કેવી હશે? હકીકત સત્ય છે, અને આ સત્ય હંમેશાની હકીકત ન બની જાય તે માટે, દરેક વ્યક્તિએ આ પ્રશ્ન યુદ્ધના ધોરણે વિચાર-વાની જરૂર છે કે આજનાં યુવાનો શા માટે માદક દ્રવ્યો તરફ વળી રહ્યા છે?

આજનાં યુવાનને ધ્યેય, ધર્મ નીતિ અને આદર્શો ભુલાવીને આવારા, રખડુ, લાપરવાહ અન કલંકિત માર્ગે વાળનારાં અનેક પરિબળોમાં મુખ્ય પાયાનું પરિબળ છે આપણી આર્થિક વ્યવસ્થા! આપણુ અર્થતંત્ર કોલેજો વિકસાવવા કરોડોની ગ્રાન્ટ મંજુર કરે છે, પરંતુ આ ગ્રાન્ટો દ્વારા ડીગ્રીઓ મેળવીને તૈયાર થએલા યુવાનોને સ્વમાનભેર જીવી શકાય તેવી રોજગારલક્ષી યોજનાઓ આપણાં અર્થતંત્રમાં છે ખરી?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવનનાં પંદર પંદર વર્ષ શિક્ષણ પાછળ વીતાવ્યા પછી પણ જ્યારે કામ કરવાની ઇચ્છા આવડત અને ક્ષમતા હોવાં છતાં રોજગારીના સાધનોના અભાવને કારણે યુવાનને બેકાર રખડવું પડે છે, ત્યારે વ્યક્તિ નિરાશ બને તે ખૂબ જ સ્વાભાવિક છે. અલબત રોજગારીની યોજનાઓ હોય છે ખરી, પરંતુ આ લોકશાહી દેશમાં વગ વગર કોણ પગ મૂકી શકે છે? મધ્યમવર્ગનો લાયકાત ધરાવતો યુવાન લાંચ રુશ્વત ન આપી શકવાને કારણે કે ઓળખાણનાં અભાવે નોકરીની તકો ગુમાવે છે તેની તો કોણ ના કહી શકશે? અજાણ યુવાન તો મજૂરી કરી શકે છે અને લારી પણ ફેરવી શકે છે. પરંતુ આજનું આધુનિક શિક્ષણ યુવકને તેમ કરતા રોકે છે, કારણ કે તેમાં સામાજિક પ્રતિષ્ઠા અને લોકનિંદાનો ભય રહેલો છે. સાથોસાથ મજૂરી કરવા માટે જરૂરી શારીરિક તંદુરસ્તી શિક્ષિત યુવાનોમાં ભાગ્યેજ જોવાં મળે છે, પરિણામે યુવાવર્ગની પસંદગી વ્હાઈટ કોલર-જોબ તરફ જ રહે છે, જે આપણા દેશમાં બધાને માટે અશકય છે. આમ 'ધોબીનો કુતરો ઘરનો પણ નહિ અને ઘાટનો ય નહિ' એવી કમનીય પરિસ્થિતિ છે. આજના યુવાનની! ઘર અને સમાજમાથી માન સન્માન ગુમાવી બેઠેલ યુવકને પોતાની જાત અને જીવન નકામુ લાગે છે અને પોતાની આ દયનીય પરિસ્થિતિ સર્જનાર શિક્ષણ સમાજ અને સરકાર તરફ ધૃણા, નફરત અને ધિક્કારની ભાવના જાગે છે. ઘડીના છઠ્ઠા ભાગમાં કોલેજો તોડી નાંખવા માટે, સરકારી યોજનાઓ ભાંગી નાંખવા માટે, અરે હિંસાનું તાંડવ ખેલી દુનિયાને ભસ્મીભૂત કરવા માટે તેનુ લોહી ઉકળી જાય છે. અનેક પ્રયત્નો પછી પણ સર્વત્ર અપમાનિત બનેલ હતાશ યુવાન ધ્યેય, ધર્મ, નીતિ અને આદર્શો ખૂબ સહેલાઇથી ભૂલી જાય છે. કાળજુ કોરનારી આ કડવી વાસ્તવિકતા ભૂલવા માટે નિરુદેશ બનેલ યુવાનને દારૂ કે ચરસનું ઘેન બધા દુઃખોને ભુલાવનાર આશિર્વાદ સમુ લાગે છે.

રોજગારીનો અભાવ "શિક્ષિત યુવાનને અયોગ્ય માર્ગે દોરનારું એક સોપાન છે" એ વિધાન પણ અર્ધ સત્ય લાગે છે, કારણ કે માનવજીવનનાં ઉત્થાનથી જ યૌવનની સામે સંકટો, મુશ્કેલીઓ, કસોટીઓ, વિપત્તીઓ, વિટંબણાઓ અને સમસ્યાઓ આવતી જ રહી છે, છતાં આદિકાળના યુવાને જીવનમૂલ્યોના સીમાડા કે નૈતિક સિદ્ધાંતોના પાયાને શું હચમચાવ્યા છે? હરગિજ નહિ હા-તે થાકયો છે જરૂર, કંટાળ્યો હશે તે પણ કબુલ! પરંતુ સાથોસાથ એ પણ હકીકત છે કે પોતાનામા પડેલા યૌવનના હીરને કામે લગાડી તે એકલે હાથે ઝઝુમ્યા છે, મા-બેનની લાજ નિભાવવા તેણે લીલુડા માથા વધેર્યા છે. ધર્મ-રક્ષા માટે તેણે ઝેરના પ્યાલા પીધા છે. ન્યાય અને સમાનતા સ્થાપવા માટે તેણે વ્યક્તિગત સ્વાર્થની પણ પરવા કરી નથી. ધર્મગુરુ, વતન કે કુટુંબનાં રક્ષણ માટે તેણે પોતાના સત, સંયમ અને શક્તિને કસોટીએ ચડાવી સફળતા હાંસલ કરી છે તેની તો ઇતિહાસ પણ સાક્ષી પુરે છે. આ હકીકત પરથી ફલિત થાય છે કે આજના યુવાને સમસ્યાનો સામનો કરવાનું સામર્થ્ય જ ગુમાવ્યું છે. તો શું આ યૌવન શક્તિહીન છે? આ સવાલ ઘણો શક્તિશાળી છે. કારણ કે આજનો જુવાન ચેતનાવિહોન કંઇક અંશે દેખાય છે જરૂર, પરંતુ જે યુવક વિનાશ સર્જી શકે છે, ધમાલ કરી શકે છે, બિનસર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવા શક્તિમાન છે. ત્યારે તેને શક્તિવિહીન કેમ કહી શકાય? આમ અનેક વિચારોના મનોમંથન પછી દીવા જેવી સ્પષ્ટ હકીકત દેખાય છે કે આજના યુવાનમાં પડેલી શક્તિને યોગ્ય માર્ગે વાળવામાં આજના વડીલો, નેતાઓ અને માર્ગદર્શક ધર્મગુરુઓ નિષ્ફળ ગયા છે.

યુવાન તો સુષુપ્ત શક્તિઓનો ભંડાર છે, પરંતુ અમારી યુવાવર્ગની કમનસીબી છે કે આજે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ શક્તિને કામે લગાડવા નથી મળતુ કોઇ કામ કે નથી જડતુ કોઇ માર્ગદર્શન! પરિણામે વરસાદનુ પાણી નદીમાં કે તળાવમાં એકત્રિત થઇ ઉપયોગી બનવાને બદલે ખાબોચિયામાં છુટું છવાયું વિખરાઇને દુર્ગન્ધ ફેલાવે છે. અનુભવરૂપી ત્રીજી આંખ ધરાવનાર સાચો કસબી કાળા કોલસામાંથી પ્રયત્નો દ્વારા કિંમતી હીરો સર્જે છે. પરંતુ અનુભવ અને આવડત વગરના વ્યક્તિત્વો કોલસામાંથી હીરા સર્જવાને બદલે પોતાના હાથ 'કાળા' કરી તેને નકામાં સમજી ફેંકી દે છે.

યોગ્ય દોરવણી વગરનો યુવાન પળે પળે મુંઝાય છે. ઠોકરો ખાય છે. તે ઝખે છે કે તેને કોઈ સાથ આપે, કોઈ તેની શક્તિની કદર કરે. પરંતુ દુનિયદારીના જ્ઞાનથી અલિપ્ત યુવાનને અનુભવ થાય ત્યારે જ સમજાય છે કે આ જગતમાં સાથ માંગતાં પછડાટ મળે છે. સત્ય બોલનારને સજા મળે છે અને વચન આપીને વિશ્વાસઘાત મળે છે

જીવનની શરુઆતમાં જ થતાં આવા કડવા અનુભવોથી યુવાન માનસ વિકૃત બને છે તેને વડીલો તરફ માન જાગવાને બદલે ક્રોધ પેદા થાય છે. આમ બેકાર અને સમાજ દ્વારા કચડાએલો યુવાન ખોટી સંગતે ચડે છે. અશ્લિલ ચલચિત્ર અને સાહિત્યમાં તેને રસ જાગે છે. બ્રાઉન સ્યુગરના કેફમાં તેને થોડા સમય માટે આ કડવા અનુભવોમાંથી છુટકારો મળતો ન હોય તેવો આશાકારી અનુભવ થાય છે.

આપણા કહેવાતા ભદ્ર સમાજમા એક યુવાવર્ગ એવો પણ છે કે જેને જરૂર કરતા વધારે સાધન સગવડ, સુખ કે કામ મળતું હોય છતાંય આવા યુવાનો પણ આ સાધનોનો ભોગ બન્યા છે. સમાજનો કોઈપણ વર્ગ આ વ્યસનોથી સંપૂર્ણપણે મુક્ત નથી. ત્યારે તો થાય છે કે આ પરિસ્થતિ કયાં જઇને અટકશે? શરૂ થએલી વિષચક્રો સર્જનારી આ સમસ્યાનું કોઈ પૂર્ણવિરામ હશે કે નહિ? હશે નહિ—પરંતુ છે જ! ને તે છે જાગૃત યુવાનની કાર્યશક્તિમાં અનુભવી અને પીઢ વડીલોનાં સાચા માર્ગદર્શનમાં સંસ્કારી માતા દ્વારા કેળવાએલા કુટુંબ દ્વારા યોગ્ય અયોગ્યતાનું દર્શન કરાવનારાં સત્ય ધર્મમાં!

યૌવનધનની બરબાદી અટકાવવા માટે જાગૃત યુવકોએ એક થવાનું છે. સર્જનાત્મક સાહિત્યનું ખેડાણ કરવાનુ છે. આ કાર્ય ઘણું જ કઠિન છે, પરંતુ નક્કર પુરૂષાર્થ પાસે શું અશકય?

આ સમસ્યા અટકાવવા સહુનો સાથ આવશ્યક છે. સહુએ સાથે મળીને એક ક્રાન્તિ સર્જવાની છે કે,

મેઘ ગાજી ઉઠે છે,
વાદળાઓ ગડગડે ત્યારે,
ધરા પણ રુપ બદલે છે,
આંધી ચડે ત્યારે,
આવી જ આંધી આવી છે
જીવનમાં આજે,
વિલય પામે રડે ત્યારે,
વિજય પામે સહુ લાડે ત્યારે!

## વિચાર કણ

સંઘમાં હળીમળી રહેવું તે સુખદાયક છે. સંઘમાં પરસ્પર મેળ કરનારી અને મેળ વધારનારી ધાર્મિક વ્યક્તિ કદી પોતે સેવાથી વંચિત રહેતી નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વાદશાર નયચક્ર મૂળના લેખક

# શ્રી મલ્લવાદિસૂરિ પ્રબંધ

ચૈત્રપાત્ર સમાન શ્રીમલ્લવાદી આચાર્ય દુસ્તર સંસાર-સાગરથકી તમારો નિસ્તાર કરો, કે જેમની વાણી અતિશય સત્વયુકત, અક્ષીણ પક્ષથી વિલસિત, અવક્ર, લક્ષ્યનો ભેદ બતાવનાર જીવોને મિથ્યાત્વથી મુકત કરનાર તથા માંગલિક હતી.

જડમતિ મિથ્યાત્વીઓનું જડમૂળ કહાડવા માટે આ અદ્‌ભુત ચરિત્રની પ્રવૃત્તિ થયેલ છે, તો પ્રમાણના અભ્યાસથી પ્રખ્યાત તેમાંનુ કિંચિત્ ચરિત્ર કહીએ છીએ.

રથવડે આવતા સૂર્યનું ઉન્નત કિલ્લાને લીધે જાણે સંલગ્ન ચક્ર હોય, શકુની તીર્થરૂપ જાણે તેની નાભિ (ધરી) હોય, મોટા હર્મ્યરૂપ જાણે તેના આરા ભાસતા હોય, તથા કિલ્લારૂપ નેમિ (ચક્રધાર) થી વિરાજિત અને સ્વસ્તિ (કલ્યાણ) ના સ્થાનરૂપ એવું ભૃગુકચ્છ નામે નગર છે. સુંદર ચારિત્રરૂપ સમુદ્રના શમ, દમાદિરૂપ કલ્લોલમાં ક્રીડા કરવાથી સદા આનંદી તથા જ્ઞાનાદિ લક્ષ્મીવડે અચ્યુત (કૃષ્ણ) સમાન એવા જિનાનંદ નામે આચાર્ય ત્યાં બિરાજમાન હતા.

એવામાં એકદા ધનદાનની પ્રાપ્તિથી મસ્ત બનેલ, મનમાં છળ તથા ચતુરંગ સભાની અવજ્ઞાને વહન કરનાર, તથા મદના વિભ્રમથી અજ્ઞાત એવા નંદ નામના કોઈ બૌદ્ધ મુનિએ, ચૈત્યયાત્રા કરવા આવેલા જિનાનંદ મુનીશ્વરને વિતંડાવાદથી જીતી લીધા એટલે પોતાને પરાભવ થવાથી તે નગરનો ત્યાગ કરીને તે આચાર્ય વલભિપુરમાં ચાલ્યા ગયા, કારણ કે અન્યથી પરાભવ પામેલ સામાન્ય માણસ પણ તે નગરમાં કોણ રહે ?

હવે ત્યાં વલભીપુરમાં પોતાની (ગુરૂની) દુર્લભદેવી નામે બ્હેન હતી, તેણીના ત્રણ પુત્રો હતા. તેમાં જિનયશ બધાથી મોટો બીજો યક્ષ અને ત્રીજો મલ્લ એવા નામથી પ્રખ્યાત હતો. ગુરૂમહારાજે તેમને સંસારની અસારતાનું સ્વરૂપ સમજાવ્યું, તેથી પોતાની માતા સહિત તે બધા પુત્રોએ ગુરૂ પાસે દીક્ષા અંગીકાર કરી; કારણ કે વહાણ પ્રાપ્ત થતાં સમુદ્રથી કોણ પાર ન ઉતરે ? પછી લક્ષણાદિ મહાશાસ્ત્રના અભ્યાસની તે બધા મોટા પંડિત થઇને પૃથ્વીપર પ્રખ્યાત થયા. કારણ કે બુદ્ધિને શું દુષ્કર છે ? તેમજ જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પુર્વ થકી પુર્વર્ષિઓએ અજ્ઞાનનાશક નયચક્ર નામે મહાગ્રંથ ઉદ્ધર્યો. તેમાં પણ વિશ્રામરૂપ બાર આરા છે. તેમના આરંભે અને પ્રાંતે ચૈત્યપૂજન કરવામાં આવે છે. એ નયચક્ર વિના ગુરૂએ તે શિષ્યોને કંઈક પુર્વમાંનું પણ બધું ભણાવ્યું, જેથી તે શુભ મતિના ભાજન થયા.

એક વખતે ગુરૂ મહારાજને વિચાર આવ્યો કે—'તેજમાં હીરા સમાન તથા મહાબુદ્ધિશાળી આ મલ્લમુનિ પોતાની બાળ ચપળતાને લીધે પોતે પુસ્તક ખોલીને વાંચશે, જેથી તેને ઉપદ્રવ થતાં અમને ભારે દુસ્તર સંતાપ થઇ પડશે,' એમ ધારી જનનીની સમક્ષ ગુરૂએ તેને ભલામણ કરી કે—'હે વત્સ ! આ પુસ્તક પૂર્વમાં નિષિદ્ધ છે. માટે તેને ઉઘાડીશ નહિ.' એમ નિષેધ કરીને પોતે તીર્થયાત્રા કરવાની ઇચ્છાથી વિહાર કર્યો પછી માતાની પરોક્ષમાં ગુરૂએ નિવારણ કરેલ હોવા છતાં તે પુસ્તક ખોલીને તેના પ્રથમ પત્રમાં મલ્લમુનિએ આ શ્લોક વાંચ્યો—



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"विधि नियमभंगवृत्तिव्यतिरिक्त-
त्वादनर्थं कमवोचत् ।
जैनादन्यच्छासन-मनृतं भवतीति
वैधर्म्यम्" ॥ १ ॥

એટલે—'વિધિ, નિયમ, ભાંગા અને વૃત્તિ રહિત હોવાથી જૈનશાસન કરતાં અન્યશાસન અનર્થ કરનાર કહેલ છે અને અસત્ય છે, તે અધર્મ જ છે.'

એ શ્લોકનો અર્થ વિચારતાં શ્રુતદેવીએ તેના હાથમાંથી તે પુસ્તક અને પત્ર છીનવી લીધાં. અહો! ગુરૂવચનનું અપમાન કરવાથી વિપરીત જ થાય છે. પછી કર્તવ્ય મૂઢ બનેલ મલ્લમુનિ ભારે આકુળ વ્યાકુળ થઇ ગયા અને બાળપણાને લીધે તે રોવા લાગ્યા. કારણ કે દેવતા સાથે શું બળ ચાલે? ત્યારે માતાએ રૂદનનું કારણ પૂછતાં તેણે જણાવ્યું કે—'મારા હાથમાંથી પુસ્તક ગયું.' આથી તેના નિમિત્તે સંઘને ભારે ખેદ થઇ પડયો.

પછી મલ્લમુનિએ વિચાર કર્યો કે—'સાધુ પુરૂષ પોતાની સ્ખલના પોતે સુધારે છે.' એમ ધારી મલ્લમુનિ શ્રુતદેવતાની આરાધના કરવા લાગ્યા ત્યાં ગિરિખંડ નામના પર્વતની ગુફામાં રહેતાં છઠ્ઠ તપના પારણે રૂક્ષ ધાન્યના ફોતરાંનું ભોજન કરતા; આથી પણ તેમની માતા સહિત સંઘને ભારે વિષાદ થયો. કારણ કે અજ્ઞ જનોને શ્રુતનું તેવું પાત્ર મળવું બહુ દુર્લભ છે. પછી સંઘે ચાતુર્માસિક પારણામાં તેમને વિગઇ લેવરાવી, સાધુઓએ ત્યાં જઈને તે મુનિને ભોજન આપ્યું.

ત્યારબાદ શ્રીસંઘે આરાધેલ શ્રુતદેવતાએ તેની પરીક્ષા કરવા જણાવ્યું કે— 'મિષ્ટ શું?'

એટલે તપોનિધાન મલ્લમુનિએ ઉત્તર આપ્યો -'વાલ (ધાન્ય વિશેષ)'.

વળી છ મહિનાને આંતરે દેવીએ પુનઃ પ્રશ્ન કર્યો—'શા વડે?'

ત્યારે મુનિએ પૂર્વનો સંબંધ યાદ કરીને જણાવ્યું કે—'ગોળ અને ઘી સાથે અર્થાત્ ગોળ અને ઘી સાથે વાલ મધુર લાગે છે. આ તેમની ધારણા શક્તિથી સંતુષ્ટ થઇને દેવી કહેવા લાગી કે—'હે ભદ્ર! વર માગ.' એટલે તે મુનિ બોલ્યા—'હે શ્રુતદેવી! મને તે પુસ્તક આપો.'

ત્યારે દેવી બોલી—હે ભદ્ર! તું સાવધાન થઇને મારૂં વચન સાંભળ—એ ગ્રંથ પ્રગટ કરતાં દ્વેષી દેવો ઉપદ્રવ કરે તેમ છે. તું એક શ્લોકમાં સર્વ અર્થને ગ્રહણ કરી શકીશ.' એમ કહીને દેવી અંતર્ધાન થઇ અને મલ્લમુનિ પાછા ગચ્છમાં આવ્યા. પછી તેમણે દશ હજાર શ્લોકના પ્રમાણવાળું નવું **નયચક્ર** શાસ્ત્ર બનાવ્યું. તે પૂર્વ ગ્રંથાર્થના પ્રકાશવડે સર્વને માન્ય થઈ પડયું, ત્યાં રાજાની સંમતિથી શ્રીસંઘે મહોત્સવપૂર્વક તે ગ્રંથને ગજરાજપર આરૂઢ કરીને નગરમાં પ્રવેશ કરાવ્યો.

હવે એકદા **શ્રી જિનાનંદસૂરિ** ચિરકાળે ત્યાં પધાર્યા એટલે સંઘે ગુરૂને પ્રાર્થના કરીને મલ્લમુનિને આચાર્યપદે સ્થાપ્યા. વળી શ્રી જિનયશમુનિએ એક પ્રમાણગ્રંથ બનાવ્યો અને તે નંદકગુરૂના કહેવાથી તેમણે અલ્લ રાજાની સભામાં કહી સંભળાવ્યો. તેમજ **વિશ્રાંત** [**વિદ્યાધર**] નામના શબ્દ શાસ્ત્રપર અલ્પમતિ જનોને બોધ થવા માટે તેમણે સ્ફુટાર્થ ન્યાસ રચ્યો તથા શ્રીયક્ષમુનિએ અષ્ટાંગ નિમિત્તનો બોધ કરાવનાર **સંહિતા** રચી, કે જે દીપકલિકાની જેમ સર્વ અર્થને પ્રકાશે છે.

એવામાં એકદા વિકાસ પામતા માલતીની પુષ્પ સમાન સુવાસિત યશના નિધાન એવા શ્રીમલ્લસૂરિએ સ્થવિર મુનિના મુખથી બૌદ્ધોએ કરેલ પોતાના ગુરૂનો પરાભવ સાંભળ્યો. એટલે વિનાવિલંબે પ્રયાણો કરીને તે ભૃગુકચ્છ નગરમાં આવ્યા. ત્યાં શ્રીસંઘે પ્રવેશ મહોત્સવાદિકથી જિનશાસનની પ્રભાવના કરી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહીં બુદ્ધાનંદ બૌદ્ધોને અદ્ભુત આનંદ પમાડતો કહેવા લાગ્યો કે—'મેં શ્વેતાંબર મુનિને વાદમાં જીતી લીધો.' એવા ગર્વને વહન કરતાં અભિમાનના ભારથી તેની ભ્રકુટી ઉંચે પણ થતી ન હતી. વળી તે ધરાતલને જગદ્ભ્રષ્ટ અને કૃપાપાત્ર માનતો હતો જૈન મુનિઓને આવેલ સાંભળીને તે સંઘને વિશેષ ઉપસર્ગ કરવા લાગ્યો, તથા મહા-આક્રોશ લાવીને લોકોને તે વાદ વિવાદમાં ઉતારવા લાગ્યો. વળી તે અભિમાન લાવીને એમ બોલતો કે—'શ્વેતાંબરીમાં વાદ મુદ્રાવડે અધૃષ્ય અને સ્યાદ્વાદ મુદ્રાને લીધે પરવાદીઓને અજેય એવા તેમના પૂર્વજને પણ સાગરને અગસ્ત્યઋષિની જેમ મેં પ્રગટ કરેલા પોતાના સિદ્ધાંતોથી જીતી લીધો. તો જેણે વિદ્વાનોને જોયા નથી એવો એ બાળક શું કરવાનો હતો. એ તો ઘરમાં ગર્જના કરનાર કુતરા સમાન પરાક્રમ રહિત છે. જો તેનામાં એવી કોઇ શક્તિ હોય, તો તે રાજસભામાં મારી સમક્ષ આવીને ઊભો રહે, એટલે હરિણને વરૂની જેમ હું તેનો ગ્રાસ કરી જાઉં.'

એ પ્રમાણે સાંભળતા મલ્લસૂરિ તો લીલાથી સિંહની જેમ સ્થિર રહ્યા, અને ગર્વરહિત તથા આંતર શત્રુના દ્વેષી એવા તે લોકો આગળ ગંભીર વાણીથી કહેવા લાગ્યા—' વિવાદ વિના નિર્મળ બુદ્ધિવાળા તથા શાંત એવા કોઈ જૈન મુનિને મેં જીતી લીધો-એમ સ્વેચ્છાએ બોલવું, તે તો માત્ર આડંબર છે. અથવા તો તે ભલે ગમે તેવો છે, પણ દૃઢ શલ્ય સમાન તે પોતાના મનમાં જે મિથ્યા ગર્વ ધરાવે છે, તેનો ઉદ્ધાર કરવા જયશીલ એવો હું તૈયારજ છું. તે સજ્જન હોય કે મિત્ર હોય, પણ મારી આગળ ઉભો રહેશે, ત્યારે હું જાણી લઇશ. પોતાના ઘરમાં બેસીને તો લોકો રાજાની પણ નિંદા કરે, તેથી શું? પણ રાજસભામાં પ્રાશ્નિકોની સમક્ષ જે જવાબ આપવા, તેમાંજ પોતાની બુદ્ધિની કુશળતા જણાય છે.'

એમ મલ્લસૂરિનુ વચન સાંભળવામાં આવતા બુદ્ધાનંદ જરા હસીને કહેવા લાગ્યો ' એ બાળક તો વાચાલ લાગે છે, માટે તેની સાથે વાદ શો ? અથવા તો તે ભલે ગમે તેવો છે, પણ મારે તો શત્રુપક્ષનો પરાજય કરવો જ જોઇએ; નહિ તો વખત જતાં અલ્પ વ્રણની જેમ તે અસાધ્ય અને દુર્જય થઇ પડે છે.'

પછી ક્રૂર મુહૂર્તે તે વાદી અને પ્રતિવાદી બંને રાજસભામાં આવ્યા. એટલે સભાસદોએ પૂર્વવાદ મલ્લસૂરિને આપ્યો, જેથી તે છ મહિના પર્યંત નયચક્ર મહા ગ્રંથના અભિપ્રાય પ્રમાણે વિદ્વત્તાને યોગ્ય અસ્ખલિત વચનથી બોલ્યા. પણ તે બૌદ્ધવાદી ધારી ન શક્યો, તેથી તે પોતાના સ્થાને ચાલ્યો ગયો, એટલે 'અદ્વિતીય મલ્લ એવા મલ્લસૂરિ જીત્યા ' એમ સૌ કોઇ કહેવા લાગ્યા. શાસનદેવીએ તેમના પર પુષ્પવૃષ્ટિ કરી. પછી રાજાએ મહોત્સવપૂર્વક તેમને સ્વસ્થાને બિરાજમાન કર્યા. ત્યાં બુદ્ધાનંદના પરિવારને અપમાનપૂર્વક બહાર કાઢી મૂકતા રાજાને ગુરૂએ ખાસ આગ્રહ કરીને અટકાવ્યો. ત્યારબાદ રાજાએ આચાર્યને વાદી એવું બિરૂદ આપ્યું, એટલે જ્ઞાનનિધાન તે ગુરૂ મલ્લવાદી એવા નામથી પ્રસિદ્ધ થયા.

હવે એ પ્રમાણે પોતાનું અપમાન થતાં બુદ્ધાનંદ નિરાનંદ થઇ ગયો અને શોકને લીધે તે અત્યંત પ્રતિભા રહિત બની ગયો. તેથી રાત્રે દીવો લઈને તે લખવા લાગ્યો. તેમાં પણ પક્ષ, હેતુઓ વિગેરે વિસ્મૃત થવાથી ભારે ભય અને લજ્જાના ભારથી દબાઇ જતાં તેનું હૃદય ફુટી પડયું અને તે મરણ પામ્યો. ત્યાં પ્રભાતે રાજાએ તેને હાથમાં ખડી સહિત જોયો, એવામાં તેનું મરણ સાંભળતાં મલ્લવાદી ગુરૂને શોક થયો કે— ' અહા ! એ વાદી મરણ પામ્યો. કયા પ્રમાણથી એ પોતાની બુદ્ધિને પ્રગલ્ભ સમજતો હતો ? બાલ્યાવસ્થાના કારણથી તેણે અમારી અવજ્ઞા કરી અને પોતે આવો કાયર હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી શ્રીમલ્લવાદી સૂરિએ સંઘને અભ્યર્થના કરીને પોતાના પૂજ્ય ગુરૂ જિનાનંદ સૂરિને વલભીપુરથી બોલાવ્યા. ત્યાં ચારિત્રધારી દુર્લભ-દેવી માતા ભારે સંતુષ્ટ થઇ. ત્યારે બંધુ એવા ગુરૂ મહારાજે કહ્યું કે—' હે ભદ્ર! પુત્રવતી સ્ત્રીઓમાં તું અગ્રેસર છે.

હવે ગુરૂ મહારાજે ગચ્છનો ભાર એક યોગ્ય શિષ્યને સોંપ્યો, કારણ કે મલ્લવાદી પ્રભુ વિદ્યમાન છતાં કોણ પોતાની મર્યાદાને ઓળંગી શકે? તે વખતે તેમણે પરવાદીરૂપ હસ્તીઓના કુંભસ્થળને ભેદવામાં કેશરી સમાન નયચક્ર મહાગ્રંથ પોતાના શિષ્યોને કહી સંભળાવ્યો, વળી પદ્મચરિત્ર નામે રામાયણ સંભળાવ્યું કે જેના ચોવીશ હજાર શ્લોક છે. એમ તીર્થની પ્રભાવના કરી તથા પોતાના શિષ્યોને વાદીંદ્ર અને નિર્મળ બનાવી, ગુરૂ શિષ્ય બંને ભારે પ્રેમ સંબંધથી સ્વર્ગે ગયા.

એવામાં પેલો બુદ્ધાનંદ મરણ પામીને મિથ્યાત્વી વ્યંતર થયો. તે પ્રાંતકાળની વિપરીત મતિથી તે જિનશાસનનો દ્વેષી થયો. પૂર્વના વૈરભાવથી તેણે તેમના બે ગ્રંથ પોતાને તાબે કર્યા, તે પુસ્તકોમાંનું પેલો વ્યંતર કોઇને વાંચવા દેતો ન હતો.

એ પ્રમાણે મારી ચેતનારૂપ લતાને નવા મેઘ સમાન આ શ્રીમલ્લવાદી પ્રભુનું ચરિત્ર, પ્રધાન કવિજનો વાંચો, સાંભળો અને પ્રસન્ન દૃષ્ટિથી અવલોકન કરો.

શ્રી ચંદ્રપ્રભસૂરિના પટ્ટરૂપ સરોવરને વિષે રાજહંસ સમાન તથા શ્રીરામ અને લક્ષ્મીદેવીના પુત્ર એવા શ્રી પ્રભાચંદ્રસૂરિએ પોતાના મનપર લેતાં, શ્રી પ્રદ્યુમ્નસૂરિએ સંશોધન કરેલ, શ્રી પૂર્વર્ષિઓના ચરિત્રરૂપ રોહણાચલને વિષે શ્રી મલ્વાદીસૂરિના અદ્ભુત ચરિત્રરૂપ આ નવમું શિખર થયું.

**ઇતિ-શ્રી મલ્લવાદીસૂરિ-પ્રબંધ**

---

## માન્યવર સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,

પરમ પૂજ્ય ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો ૧૫૨ મો જન્મજયંતી મહોત્સવ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર સંવત ૨૦૪૪ના ચૈત્ર શુદી ૧/૨ ને શનિવાર તા. ૧૯-૩-૮૮ના રોજ આ સભા તરફથી ઉજવવાનો હોવાથી શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં પૂજા ભણાવવામાં આવશે. નીચેના સદ્ગૃહસ્થો તરફથી ગુરૂભક્તિ તેમજ સ્વામી-ભક્તિ કરવામાં આવશે.

૧ શેઠશ્રી સકરચંદ મોતીલાલ મુળજીભાઇ
૨ શેઠશ્રી કપુરચંદ હરીચંદ (માચીસવાળા) તથા તેમના ધર્મપત્ની અ. સૌ. અનોપબેન.
૩ શેઠશ્રી વૃજલાલ ભીખાભાઇ.
૪ શેઠશ્રી નાનચંદ તારાચંદ સપરિવાર.
૫. શેઠશ્રી બાબુલાલ પરમાનંદદાસ સપરિવાર.

ફાગણ વદી અમાસ તા. ૧૮-૩ ૮૮ ને શુક્રવારના રોજ સાંજના પાલીતણા પધારવા વિનંતી છે.

**લી. શ્રી જૈન આત્માનંદ સભા**

---

**તા. ક.** : આ આમંત્રણ ફક્ત મેમ્બરો માટે જ છે. કોઇ મેમ્બર સાથે ગેસ્ટ હશે તો તેની એક ગેસ્ટની ફી રૂા. ૧૫ ૦૦ લેવાનું નક્કી કરેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# • સાધના સાર્થક ક્યારે બને ?

૦ લે. પ્રફુલા જેઠાલાલ સાવલા ( મેરાઉ-કચ્છ )

કોઇ પણ સાધ્ય વસ્તુની પ્રાપ્તિ માટે જે પ્રયત્ન કરવામાં આવે છે તેને 'સાધના' કહેવાય છે જગતના તમામ જીવો સુખની જ ઇચ્છા રાખે છે; કહો કે. સુખ એ જ તેમનું સાધ્ય છે અને તે સુખ પણ એવુ છે કે જે બધાથી ચડિયાતુ હોય અને જેમાં કોઈ પણ જાતની ખામી ન હોય આવું સુખ વિનાશી અને પરિવર્તનશીલ સંસારની કોઈ પણ વસ્તુમાંથી કે વિશ્વના ટોચ કક્ષાના વૈભવોમાંથી મળવું અશકય છે.

અહીંયા અનંત, અસીમ, અખંડ નિત્ય અને પૂર્ણ કોઈ વસ્તુ નથી. એ બધી વસ્તુઓ તો એક માત્ર પરમાત્મામાં જ છે. માટે જ તે પૂર્ણ સુખસ્વરૂપ છે અને સૌના પરમ સાધ્ય છે. મનુષ્ય ભલે તે વસ્તુને સમજે નહીં કે માને નહી, પરંતુ આપણે સૌ પૂર્ણને ચાહીએ છીએ, અને પૂર્ણતાને ચાહવું એ પરમાત્માને ચાહવા બરાબર છે. માણસને આ નાશવંત જગતમાં કોઈપણ પરિસ્થિતિમાં પૂર્ણતા દેખાતી નથી. આખાય જગતનું એકચક્રી શાસન કરનાર સમ્રાટને પણ મનમાં એમ રહે છે કે મારી પાસે 'કંઈક' નથી; અને એ અંગે તે બીજી કોઇ વસ્તુ માટે ફાંફા મારે છે. પરંતુ મોહના મહિમાને અતૃપ્તિને લીધે પૂર્ણતમ પ્રભુને પંથે પગલાં માંડવાને બદલે, દુઃખ અને અતૃપ્તિનું દાન દેનાર અપૂર્ણતમ ભોગો તરફ માનવી આંધળી દોટ મૂકે છે; અને આ જ કારણથી તેઓ સાચા સુખનો લાભ મેળવી શકતા નથી. તેમની ગણત્રી તો એવી જ હોય છે કે હું સુખની સાધના કરૂં છું, પરંતુ હકીકત એથી ઉલટી હોવાને લીધે તેને દુઃખ, અસફળતા, અશાંતિ અને અતૃપ્તિનો જ અનુભવ કરવો પડે છે. આજે ભોગવિલાસ અને સંપત્તિની સાધના કરનાર દરેક વ્યક્તિ દુઃખ, અસફળતા, અશાંતિ અને અતૃપ્તિની આગમાં શેકાયા કરે છે. માટે, ભોગો મેળવવાની ઈચ્છાથી કરવામાં આવતો પ્રયત્ન એ સાચા અર્થમાં સાધના નથી. વીતરાગ સ્વરૂપ પરમાત્માને માટે કંઇક કરવામાં આવે ત્યારે જ 'સાધના' શબ્દ સાર્થક બને છે.

માટે સૌથી પહેલો એ જ નિર્ણય કરવો જોઇએ કે અમારા સાધ્ય છે એકમાત્ર અવિનાશી અને અખંડ વાત્સલ્ય મૂર્તિ પરમાત્મા અને આપણી સાધના છે સ્થિતિ અને શક્તિ અનુસાર પ્રભુપ્રાપ્તિ અર્થાત મોક્ષપ્રાપ્તિ માટે થઈ રહેલો પ્રયત્ન.

હૈયાથી ભીતે એટલું જરૂર કોતરી રાખીએ, કે પરમાત્મા સર્વત્ર એક જ સ્વરૂપે છે. એક જ પરમાત્મા લીલા નિમિત્તે અગણિત નામોને અસંખ્ય રૂપોથી પૂજાય છે. જેમ સોનામાંથી અલગ અલગ ઘાટ ઘડવામાં આવે અને પછી તે સર્વને અલગ અલગ નામોથી ઓળખવામાં આવે પરંતુ બધામાં પદાર્થ તો એક જ સોનું છે કોઈ ગમે તેવી સાધના કરે, પરંતુ જો તે સાધના પરમાત્મા માટે અને મોક્ષપ્રાપ્તિ માટે જ હોય તો તેને તે વસ્તુઓ અવશ્ય મળે છે, કે જે બીજી સાધનાઓ દ્વારા બીજાઓને મળે છે. પામે છે તો બધા એક જ સત્યને અને પહોચે પણ બધા એક જ જગ્યાએ, છતાં સૌના રસ્તા અલગ અલગ છે. દરેકને માટે એકજ રીતના રસ્તાની ફરજ પાડવી યોગ્ય નથી. જેમ કે, પાલિતાણાની કે સમેત શિખરની યાત્રાએ જનાર જુદાં જુદ પ્રાંતના ભક્તો પોતપોતાને અનુકુળ જુદા જુદા માર્ગો દ્વારા અને પગપાળા,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રેલ્વે કે બસ દ્વારા સમેતશિખરના કે પાલિતાણાની કલ્યાણકારી યાત્રા કરે અને તેમાં જ સૌને સગવડ જણાય છે. તેવી જ રીતે ભિન્ન ભિન્ન રુચિ અને સંસ્કારને લીધે મનુષ્યો પોતપોતાના અધિકાર, શક્તિ, રૂચિ, બુદ્ધિ, સંયમ, અભ્યાસ અને પરિસ્થિતિ અનુસાર જુદી જુદી સાધનાઓ કે તપ દ્વારા ઝડપી યા મંદ ગતિએ પ્રભુને પંથે પગલાં માંડે છે. જે લોકો એમ માને છે કે બધાએ એક જ પ્રકારની સાધના કે તપ કરવું જોઇએ તેઓ ખરેખર ભીંત ભૂલે છે. માટે શ્રદ્ધા અને વિશ્વાસને સાથીદાર બનાવી પોતપોતાના માર્ગ ઉપર સૌએ ઝડપી પગલે મોહમાયામાં અટવાયા વગર પ્રભુ અને મોક્ષપ્રાપ્ત માટે આગેકૂચ કરવી જોઇએ. જે લોકો નવાં નવાં સાધનોની લાલચમાં લપેટાઇને છાસવારે જુના સાધનોને છોડી દે છે તેઓ સાધનાની અદલીબદલીમા જ અને ભોગવિલાસમાં અંજાઇ વર્ષોની સંયમ અને સાધનાની આરાધનાને છોડી દઇ-વીજળીના ચમકારા જેવા યા આંખના પલકારા જેવા ટુંકા છતાં કિંમતી જીવનધનને વેડફી નાખે છે, અને અનેક જન્મોમાં પણ સાધ્ય સુધી પહોંચતા હશે કે કેમ એ શંકા ભરેલું છે. સાધ્યને નિશાન બનાવીને જો આપણે ડગલાં ભરશું તો ઘોર અંધકારમાં પણ દિવ્ય અજવાળાં પથરાશે.

જેટલો પૂજ્યભાવ સાધ્ય પ્રત્યે હોય એટલો જ પૂજ્યભાવ સાધનામાં રાખવો, જે વ્યક્તિ સાધનાનો તિરસ્કાર કરે છે તેને સાધ્યની અર્થાત પરમાત્માની પ્રાપ્તિ ભવાંતરે પણ થતી નથી. હા, એટલું ખરું કે સાધનાની પસંદગી કરતી વખતે ખૂબ ચીવટ રાખવી જોઇએ, અને અનુભવી સદ્ગુરૂઓની આજ્ઞાને માથે ચઢાવવી જોઈએ. તે પછી આઘુંપાછું જોયા વિના, આંખો મીંચીને સાધના કરવા મંડી પડવું. એથી આગળ જીવન સાધનામય બની જાય. આપણા મન અને ઈન્દ્રિઓને સાધનાની સાથે એવાં ભેળવી દો, કે તે પણ સાધનાનું સ્વરૂપ બની જાય.

એક વસ્તુ ખાસ યાદ રાખવા જેવી છે કે કોઇપણ વ્યક્તિ કોઈપણ રીતે કોઇપણ રસ્તેથી પ્રવાસે જાય છતાં તેને રસ્તામાં વાટખર્ચીની જેમ જરૂર પડે છે તેમ, પ્રભુ કે મોક્ષપ્રાપ્તિના માર્ગમાં સદ્ગુણો, સદ્વિચારો, સત્કર્મો, શ્રધ્ધા, સમર્પણ વિ. ગુણોની ખાસ જરૂર પડે છે. એક જ શબ્દમાં કહીએ તો દરેક સાધકે ગુરૂકૃપા રૂપ દૈવી સંપત્તિ પ્રાપ્ત કરવી જ પડે તે વિના સાધનાની સફળતા અસંભવિત જેવી તો જરૂરી કહી શકાય. માટે ગુરૂકૃપા મેળવવા પળેપળે સજાગતા અને કાલજી રાખવી

વારંવાર ધ્યાન રાખવું જોઈએ કે આપણે બીજા કામો કરતી વખતે પરમાત્મારૂપ સાધ્યને ભૂલી તો નથી જતા ને! પ્રમાદના પંજામાં પકડાઇતો નથી જતા ને! સાધ્ય અને સાધના સાથે સુસંગત ન હોય એવા કોઇ કાર્ય તો નથી કરી રહ્યા ને! આપણા જાત અને જીવાત્માને સાધનાના ઉચ્ચ આસનેથી ગબડાવી પાડવા,માટે હજારો પ્રલોભનો અને લાખો લાલચો આપણા માર્ગમાં આવીને ઊભી રહેશે અને આપણને લાલચમાં લપટાવીને તથા દુઃખોની ભયંકર હાવાઝોડું દેખાડીને પથભ્રષ્ટ કરવાનો સર્વ શક્ય પ્રયત્ન કરવામાં આવશે, પણ તે વખતે આપણે સાવચેત બનીને હિમાલયની જેમ અડગ રહેવું જોઇએ એટલુ જરૂર યાદ રાખવું કે પરમાત્મા હંમેશા આપણી સાથે જ છે ને આપણી સાધનામાં સહાયક બનવા માટે તેઓ હંમેશાં ખડે પગે ઉભા છે. સૂત્રની ભાષામાં કહીએ તો સતત સાવધાની એ જ સાધના છે.

દરેક પ્રકારના સાધકો માટે નીચે જણાવેલા મુદ્દાઓ ખાસ નોંધી રાખવા જેવા છે. તેમાંથી સ્થિતિ—સંજોગ પ્રમાણે જેટલા અનુકુળ જણાય તેટલાને ગ્રહણ કરવા જોઇએ.

સાધનાનાં અનેક વિઘ્નોમાંના કેટલાક આ પ્રમાણે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આહારદોષ, અસ્વસ્થતા, આળસ, પ્રમાદ, પુરૂષાર્થહીનતા, અશ્રધ્ધા, કુતર્ક, અધૈર્ય, અનિશ્ચય, સંશય, અસંયમ, અસહિષ્ણુતા, અપવિત્રતા, પ્રસિધ્ધિ, પૂજ્ય બનવાની ઈચ્છા, માનની કામના, ઘૃણા, દ્વષ, નિર્દયતા, દુરાગ્રહ, ચપળતા, અતિઝડપ, પરદોષદર્શન, પરનિંદા,— પરચર્ચા. બહારની ટાપટીપ, વાદવિવાદ, શરીરના આરામની અભિલાષા, વિલાસિતા, બીજા પાસેથી સેવા લેવાની વૃત્તિ, લેકરંજનની રુચિ, કુસંગ, સાધનાની વિરૂધ્ધ યા સાધના માર્ગથી ચલિત કરનાર બીન જરૂરી સાહિત્યનો અભ્યાસ, માતા-પિતા અને ગુરૂજનોની અવગણના, શાસ્ત્ર અને સંતવચનોની ઉપેક્ષા, ભજનમાં ઢીલાશ, સર્વથા કર્મત્યાગ અથવા લાંબો પહોળો વેપાર બીજાના સાધન અને સાધ્ય તરફ ખેંચાણ, સાધનાનો ગર્વ, બ્રહ્મચર્યનું ખંડન, દુઃખમાં શોકગ્રસ્ત અને સુખમાં ફુલાઈ જવું, કોઈ પણ ખાસ વ્યકિત, સ્થાન અને વસ્તુમાં મમતા, મોહ માયા, દંભ, બાહ્યાચારમાં ફસાઈ લક્ષ્યને ભૂલી જવું,

અનીતિની કમાણીનું, ચોરીના પૈસાનું કે પારકા પરસેવાનું અન્ન ન ખાવું; ખાનપાન, પરિશ્રમ, વ્યાયામ અને નિયમ વગેરે વડે શરીરને નીરોગી રાખવું. કરવા જેવા સત્કાર્યોનો ત્યાગ અને ન કરવા જેવા દુષ્કૃત્યોનો સંગ્રહ ન કરવો. પ્રારબ્ધ (નસીબ) નો દોષ કાઢીને સત્કર્મ અને ભજનથી વિમુખ ન બનવું. પ્રભુ પર, પ્રભુની કૃપા પર, પ્રભુની શકિત ઊપર, આત્માના અનંત બળ ઉપર અને પોતાના પુરૂષાર્થ પર અતૂટ શ્રધ્ધા રાખવી; માથા મેળ વિનાનો વિવાદ ન કરવો. ધીરજ ગુમાવીને સાધનનો ત્યાગ ન કરવો. મનમાં વિશ્વાસ ધારણ કરવો કે સાધનાથી ઇચ્છિત શાશ્વતસુખ મળશે જ અથવા મેળવીને જ ઝંપીશ. મનના પ્રદેશમાં શંકા રૂપી ડાકિણીને પેસવા ન દો. આસન, પ્રાણાયામ આદિ દ્વારાં શરીરનો સંયમ કેળવવો સત્ય, મધુરવાણી દ્વારા વાણીનો સંયમ કેળવવો. મનનો વિષાદ, કુરતા, ચંચળતા અને અપવિત્રતા અને ક્રોધ વિગેરેની નકામી લમણા-ફોડને દૂર હટાવી મનનો સંયમ કેળવવો.

જન્મઉત્સવ, લગ્નોત્સવ, મરણોત્સવ કે અન્ય સાંસારિક કામો પાછળ ગજા ઉપરાંત ખર્ચ ન કરવું અર્થાત સાદાઈથી ઉજવવા કપડાં-લત્તામાં વિવેક રાખી ફેશનેબલ ટીપટાપ પાછળ વ્યર્થ ખર્ચ ન કરવો. ભોજનમાં પણ બહુકિંમતી અને ચટાકેદાર પદાર્થની ઇચ્છા ન રાખવી. માંસ, દારૂ, ઇંડા, કુવ્યસનોનો સંપૂર્ણ ત્યાગ કરવો. અપવિત્ર અને એઠી ચીજોને હાથ પણ ન અડાડવો. ચા, ભાંગ, બીડી, સિનેમા, તમાકુ, બ્રાઉનસુગર, વ્હીસકી, ચરસ ઈત્યાદિ કુવ્યસનોથી મુક્ત બની જીવનમાં નિર્વ્યસનની પવિત્ર હવા પ્રગટાવવી. જીવનની જરૂરિયાતોમાં બને તેટલો કાપ મૂકવો. જીવનની અતૃપ્ત જરૂરિયાતોને વધારનારનો ખજાનો ધીમે ધીમે ખાલી થતો જાય છે. પરિણામે એવી વ્યકિતઓનાં ચિત્ત હંમેશા ચંચળ અને પાપથી ભરેલાં રહે છે, એવા અશાંત ચિત્તથી સાધના કઈ રીતે થઇ શકે ?

દેખાદેખી ન કરવાથી જ સાચી શાંતિ મળશે. સુખ દુઃખ, હાનિ-લાભ, માન અપમાન, ટાઢ-તડકો વગેરે દ્વંદ્વોને પ્રભુની અમૂલ્ય જીવન ઘડતર રૂપ બક્ષિસ સમજીને સહન કરવાં સુખ-સંપત્તિ મેળવી હર્ષોન્માદના કારણે જ કર્તવ્ય ભુલાઇ જાય છે. પ્રભુપ્રાપ્તિ અને મોક્ષપ્રાપ્તિ કરનાર સાધકને માટે પ્રસિધ્ધિ મળવાથી લોકોની અવરજવર વધશે, જગતનો સંગ લાગશે, સંગ્રહવૃત્તિ પ્રગટશે અને પરિણામે સાધનાની અમૂલ્ય મૂડી લુંટાઇ જશે.

પોતાનું કલ્યાણ ઇચ્છનારે ઉપદેશ આપવાથી સો ગાઉ દૂર રહેવું હિતાવહ છે. જે પૂજ્ય બનવાનો પ્રયત્ન કરે છે તે પ્રભુપ્રાપ્તિનો સાધક મટી ભોગવિલાસનો ઉપાસક બની જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુપ્રાપ્તિ માટે દાસ-ચાકર બનવું જોઇએ, નહીં કે માલિક કે પૂજ્ય.

આપણો પહેરવેશ ખૂબ સાદો રાખવો. અમુક પ્રકારના ખાસ કપડાં પહેરીને કે અમુક ખાસ પદ્ધતિથી ચાલીને બીજાને આકર્ષિત કરવાનો પ્રયત્ન ન કરવો. જેમ સામાન્ય માણસો રહે છે તેમ જ રહેવું. અસામાન્ય બનવાનો શોખ હોય તો હૈયાને અસામાન્ય બનાવીએ. હૈયું અસામાન્ય બન્યા પછી, આપણી રહેણી કરણી કે જીવન જીવવાની પદ્ધતિ સામાન્ય હોવા છતાં, તેમાં એક પ્રકારની વિલક્ષણતા જણાશે. અને એ વિલક્ષણતા જ બીજા જીવાત્માઓને પ્રેરણારૂપ દીવાદાંડી બની સાધના પથથી ગુમરાહ થયેલા સાધકોને માર્ગ ચિંધતી રહેશે.

માટે ધર્મની કે સંસારની પ્રત્યેક ક્રિયા એક માત્ર પ્રભુપ્રાપ્તિ અને અનુક્રમે મોક્ષપ્રાપ્તિના લક્ષ્યરૂપ હોવી જોઈએ. જેની સાધના દ્વારા પ્રત્યેક સાધક, આરાધક અને અનુમોદક સંસારના આવાગમનમાંથી જલ્દી મુક્ત થઈ પોતાના જેવા અનેક પથભૂલ્યા જીવન પથિકોનો તારક બને એજ શુભેચ્છા.

સાધના શુદ્ધ અને જૈનદર્શન અનુસાર હોવી જોઈએ. આજે સાધના અને સત્સંગના માર્ગો વિચિત્ર અને રહસ્યયુક્ત બનાવનારા પોતાના અલ્પ અનુભવ અને અન્ય સાહિત્યના આધારે સાધના અને સત્સંગના માર્ગને જૈનશાસ્ત્રો કે સર્વજ્ઞ ભગવંતો કથિત વાક્યો સાથે સ્નાનસૂતક ન હોય વળી સાધક પોતે જૈન હોય એ જાણી આશ્ચર્ય થયા વગર ન રહે. માટે પ્રત્યેક સાધક અથવા એ માર્ગમાં આગળ વધેલા પ્રત્યેક વ્યક્તિ એટલું ખાસ ખ્યાલ રાખે કે અનાદિકાળથી અને સર્વજ્ઞ ભગવંતો કથિત અને પ્રરૂપેલ જૈનધર્મ અને તેનાં સિદ્ધાંતોનું અવમૂલન કરી કદાપિ સાધના માર્ગ ન અપનાવે. આનાથી સાધક પોતે અજ્ઞાનતાના કારણે અથવા અન્ય દૃષ્ટિકોણના કારણે ડુબશે અને પોતાના સહચારમાં આવતા અન્ય જ્ઞાનપિપાસુ આત્માઓને પણ ડુબાડવાનું કામ કરશે. માટે આત્મલક્ષ અને મોક્ષલક્ષ ઉપરોકત સાધના કદાપિ કરવી નહીં. સાધનાનો માર્ગ જાણવા માટે યોગ્ય અને જ્ઞાની ગુરૂભગવંતો પાસે વિના સંકોચે પહોંચી જવું હિતાવહ છે. ત્યાંથી જરૂર સાધનામાર્ગની કેડી મળશે અને સાથે ગુરૂકૃપા તેમજ ગુરૂમંત્ર પણ.

---

## આપણે જ આપણા ચોકીદાર

o પેલા કરોડપતિનુ કબરમાં દટાયેલું શબ કહી રહ્યું હતું કે મારી પાસે તો બધુંય હતું છતાં મને એકલાને અહીં કોણ મૂકી ગયું ? એના જવાબમાં કવિ કહે છે : તને તારા કોઈ દુશ્મનો અહીં મૂકી ગયા નથી; તારા ઘરના લોકો જ, તારા સ્વજનો જ તને અહીં મૂકી ગયા છે.

o મોતની સામે બહારનું કોઇ આવીને તમને રક્ષણ આપી શકવાનું નથી તમારા વિચારો જ તમને મોતના ભય સામે રક્ષણ આપી શકશે. અને મોત અંગે આવે ત્યારે એને પ્રેમથી સત્કારવા તત્પર રહી શકો એવી તાકાત તમને આપી શકશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દ્વાદશાર નયચક્ર ગ્રન્થના

# પ્રકાશન-ઉદ્દ્ઘાટન સમારોહ

પૂજ્ય મુનિમહારાજ શ્રી ભુવનવિજયજીના શિષ્ય આગમના જ્ઞાતા અને સંશોધનદક્ષ મુનિશ્રી જમ્બૂવિજયજીએ લગભગ ચાલિશેક વર્ષોની પરિશ્રમ કરીને સંશોધિત અને સંપાદિત કરેલી શ્રી મલ્લવાદી રચિત દ્વાદશાર નયચક્રની પૂ. શ્રી સિંહસૂરિજીની ન્યાયાગમાનુસારિણી ટીકા સહિત આવૃત્તિના ત્રીજા ભાગનું પ્રકાશન ઉદ્દ્ઘાટન સં. ૨૦૪૪ના મહાસુદ ૮ને મંગળવાર તા. ૨૬/૧/૮૮ ના રોજ કરવામાં આવેલ છે. જોગાનુજોગ પૂ. ભુવનવિજયજી મહારાજ સાહેબનો સ્વર્ગવાસ દિન પણ એજ છે, અને ભારતનો પ્રજાસત્તાક દિન પણ એજ છે.

આ સમારંભ પૂ અરિહંતસૂરિજી, પૂ. શ્રી જમ્બૂવિજયજી તથા અન્ય વિદ્વાન મુનિમહારાજ સાહેબની નિશ્રામાં વિસાનીમા ધર્મશાળાના હોલમાં યોજાયો હતો.

આખો હોલ શ્રોતાઓથી ખીચોખીચ ભરાઈ ગયો હતો અને સર્વે શ્રોતાઓના મુખ પર આનંદ અને ઉલ્લાસ જણાતો હતો.

સમારંભની શરૂઆતમાં સરળ સ્વભાવી પૂજ્ય શ્રી જમ્બૂવિજયજીએ માંગલિક સંભળાવ્યું હતું. અને આખી સભા ભાવવિભોર બની ગઈ હતી.

આ સમારંભની ખાસ વિશિષ્ટતા એ છે કે મહાન મહિમાવંતા શ્રી શત્રુંજયતીર્થનો સોળમો ઉદ્ધાર કરાવનાર શ્રી કર્માશાના તેરમી પેઢીએ થએલ વશંજ શ્રેષ્ઠીવર્ય શ્રી હિંમતસિંહજી આ સભામાં અતિથિવિશેષ તરીકે ઉપાસ્થત રહ્યા હતા.

સમૂહ ગુરુવદન બાદ શ્રી રાયચંદભાઈએ સંસ્થાનો ટૂંક પરિચય આપ્યો હતો. તે પછી સંસ્થાના મંત્રી શ્રી હીંમતભાઈ મોતીવાળાએ સહુનું સ્વાગત કર્યું હતું અને તે પછી મંત્રી શ્રી પ્રમોદભાઈએ સંદેશા વાચન કર્યું હતું.

ત્યાર બાદ શેઠ શ્રી જાદવજીભાઈ એંકર વાળાએ દીપક પ્રગટાવી દ્વાદશાર નયચક્રનું ઉદ્દ્ઘાટન કર્યું હતું ત્યારબાદ પ્રમુખ શ્રી હીરાભાઈએ દ્વાદશાર નયચક્રના પ્રકાશન અંગેનો અહેવાલ આપ્યો હતો.

તે પછી પૂ. શ્રી અરિહંતસૂરિજીએ જ્ઞાનનો મહિમા સમજાવી પૂ. જંબુવિજયજીના સંશોધન કાર્યની પ્રશંસા કરી હતી.

તે પછી પૂ. શ્રી જંબૂવિજયજીએ પોતે કરેલા કાર્યની વિગતો આપી હતી અને તે કાર્યમાં પ્રેરણા અને આશીર્વાદ તથા સહકાર આપનાર પૂ. મુનિ શ્રી પુણ્યવિજયજી તથા પૂ. ગુરુદેવ શ્રી ભુવનવિજયજીની કૃતજ્ઞતા પ્રગટ કરી. પોતાના કાર્યની સફળતા માટે તે બન્ને પૂજ્યશ્રીઓની આશીર્વાદ અને પ્રેરણા કારણભુત છે તેમ જણાવી પુસ્તકના ત્રણે ભાગના ઉદ્દ્ઘાટન અને તેમાં મળેલ સહકાર વગેરે માહિતી આપી હતી. શ્રી આત્માનંદ સભાએ જે આ કાર્ય કર્યું છે એવા બીજા આગમપ્રકાશનના આ કાર્ય ઉપાડી લેશે એવી આશા પ્રગટ કરી હતી.

તે પછી શ્રેષ્ઠીવર્ય શ્રી હીંમતસિંહજીએ બે શબ્દો કહ્યા હતા અને આ ગ્રન્થ-પ્રકાશનની અનુમોદના કરી હતી.

ત્યારબાદ પૂ. શ્રી સોમચંદ્રવિજયજી, પૂ. શ્રી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધુરંધરવિજયજી, વગેરે મુનિવર્યોએ પૂ જમ્બૂવિજયજીના આ કાર્ય અને તેમણે લીધેલી મહેનત પ્રત્યે પ્રશંસાભાવ વ્યક્ત કર્યો હતો અને આવા કાર્ય સમાજે ઉપાડી લેવા જોઈએ. એ હકીકત ઉપર જૈન સમાજનું ધ્યાન દોર્યું હતું અને શ્રી આત્માનંદસભાએ કરેલા કાર્યની પ્રશંસા કરી હતી.

ત્યારબાદ શ્રી હેમરત્નવિજયજીએ પોતાની જોશીલી જબાનમાં દ્વાદશાર નયચક્ર તથા તેના કર્તા શ્રી મલ્લવાદી વિષે પરિચય આપી આવા ઉત્તમ કાર્ય કરનારાની સમાજને ખૂબ જરૂર દર્શાવી શ્રાવક સમાજે અને સાધુ સમાજે આવા કાર્યો ઉપાડી લેવા જોઇએ એમ કહીને સમાજમાં શ્રી જમ્બૂવિજયજી જેવા સંશોધન કાર્ય કરનારનો જોટો નથી એમ જણાવી તેમનું કાર્ય પૂ. શ્રી હેમચન્દ્રાચાર્યજી અને પૂ. શ્રી યશોવિજયજી મહારાજ જેવા વિદ્વવર્યોના કાર્ય જેવી ઉચ્ચ કોટીમાં મૂકી શકાય એવું કાર્ય છે એમ જણાવી સમાજે કરવાના કાર્ય અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ સમયે અતિથિવિશેષ શ્રી હિંમતસિંહજીનું, તથા ઉદ્દઘાટક શ્રી જાદવજીભાઇ એંકરવાળાનું તથા દીક્ષાર્થી ભાઈશ્રી પ્રકાશભાઇનું બહુમાન કરવામાં આવ્યું.

આ પ્રસંગે શ્રી આત્માનંદ સભા ભાવનગરના કાર્યવાહકો શ્રી હીરાલાલ બી. શાહ, શ્રી રાયચંદભાઇ, શ્રી હિંમતભાઈ મોતીવાળા, શ્રી કાન્તિભાઇ વાંકાણી, શ્રી પ્રમોદકાન્ત શાહ, શ્રી કાન્તિલાલ દોશી, શ્રી જયંતીભાઇ સલોત, શ્રી કાન્તિભાઈ સલોત, શ્રી પ્રતાપભાઈ મહેતા, શ્રી ભોગીલાલ બી. શાહ, શ્રી વસંતરાય શાહ અને શ્રી અરવીંદભાઇ શાહ તથા અન્ય સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી મનુભાઇ શેઠે કરેલ.

## સમાચાર

શ્રી મહર્ષિ દયાનંદ મહાવિદ્યાલયમાં માર્ચ-૧૯૮૭માં સ્થપાયેલ શ્રી ખાંતીલાલ લાલચંદ શાહ જૈન રિસર્ચ સેન્ટર તરફથી પ્રથમ શિષ્યવૃત્તિ ગીતા જૈનને એનાયત કરવામાં આવી છે.

### શોધ પ્રબંધનો વિષય છે 'જૈન પત્રકારિત્વનો ઇતિહાસ'

આ શોધ-પ્રબધમાં વિશ્વભરનાં બધી જ ભાષાનાં જૈન પત્રો અને પત્રકારોનો સમાવેશ કરવાનો હોઈ દરેક પત્રકાર બહેન-ભાઈઓને માહિતી મોકલી આપવા નમ્ર વિનંતિ છે.

### 'શ્રેયસ'ના ઉપક્રમે પારિતોષક સમારંભ

શ્રી શ્રેયસ જૈન મિત્ર મંડળના ઉપક્રમે તા. ૩૧-૧-૮૮ ને રવિવારના રોજ પારિતોષિક વિતરણ કરવાનો એક સમારંભ શહેર ટાઉન હોલમાં શ્રીયુત શ્રી અનોપચંદ માનચંદ શાહના પ્રમુખસ્થાને અને શેઠશ્રી મનસુખલાલ નાનચંદ (કોન્ટ્રાક્ટર)ના અતિથિવિશેષ પદે યોજાઇ ગયો.

ધાર્મિક શિક્ષિકાબેન અને ધાર્મિક શિક્ષણમાં ઉચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓઓનું સન્માન શ્રીમતી દમયંતીબેન મનુભાઈના વરદ્દહસ્તે કરાવામાં આવેલ. ધાર્મિક પરીક્ષામાં ૧૦૦% પરિણામ લાવનાર શ્રી વૃદ્ધિચંદ્ર પાઠશાળાને પણ ભેટ આપવામાં આવેલ.

સમારંભમાં પ્રમુખશ્રીએ 'શ્રેયસ'ની પ્રવૃત્તિને બિરદાવતા અભિનંદન આપેલ, અતિથિવિશેષ શ્રીએ વિદ્યાર્થીને અપાતા પ્રોત્સાહન માટે 'શ્રેયસ'ના કાર્યકરોને સહકારનું વચન આપેલ, જૈન સમાજમાં પ્રથમ કક્ષાનું સ્થાન પ્રાપ્ત કરતા આર્કીટેક કુ. કલ્પના કાંતિલાલ સલોતને રૂ. ૨૫૧ થી સન્માન શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત પરિવારના સહકારથી કરવામાં આવેલ.

સમારંભનું સંચાલન શ્રી નગીનભાઇ કામદારે કરેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાન (વારાણસી) સ્વર્ણજયન્તી અને

## પ્રથમ પ્રાકૃત એવં જૈન વિદ્યાપરિષદ

### તા. ૨-૫ (જાન્યુ-૮૮) અહેવાલ

— અરુણ જોષી

પાર્શ્વનાથ વિદ્યાશ્રમના નૈસર્ગિક વાતાવરણમાં સ્વર્ણ જયન્તી તથા પ્રથમ પ્રાકૃત અને જૈન વિદ્યા.ની પરિષદ જાન્યુ.ની બીજી તારીખથી પાંચમી તારીખ સુધીમાં યોજાયેલ. ભારતભરમાંથી લગભગ સો જેટલા વિદ્વાનોએ આ પરિષદમાં હાજર રહી નિબંધ વાચન કરેલ. પરિષદનું ઉદ્ઘાટન તા. ૨-૧-૮૮ના રોજ મંત્રીશ્રી શીલા દિક્ષિત દ્વારા કરવામાં આવેલ.

સ્વાગત સમિતિના પ્રમુખ શ્રી દીપચંદ ગાડી હતા.

સ્વાગત સમિતિના મંત્રીશ્રી ભૂપેન્દ્રનાથ જૈન તેમજ વિદ્યાશ્રમના નિર્દેશક શ્રી પ્રા. સાગરમલજી જૈન હતા. વિભાગીય પ્રમુખો તરીકે શ્રી દલસુખભાઇ માલવણીયા, શ્રી ભંવરલાલ નાહટા, પ્રા. ડી. એન. ભાર્ગવ, શ્રી યુ. પી શાહ, શ્રી વિલાસ સંઘવી, તેમજ શ્રી કે. ટી. બાજપાઇ હતા.

મુખ્ય અતિથિ તરીકે પ્રા સચ્ચિદાનંદ મૂર્તિ (ઉપાધ્યક્ષ : વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ) હતા. આ પરિષદમાં નીચેના વિદ્વાનોના નિંબધો વંચાયા હતા.

ડૉ કે. આર. ચંદ્ર, શ્રી કનુભાઈ શેઠ, શ્રી અરુણ જોષી, ડૉ. રીતા બિશ્નોઈ, શ્રી પ્રેમચંદ રાવકા, ડૉ. ઉમેશચંદ્ર સિંહ, ડૉ. ફુલચંદ જૈન, ડૉ. હરીન્દ્રભૂષણ જૈન, શ્રી રજનકુમાર, વી. બી જગગ, ડૉ. સુધા જૈન, આર. કે. રાઈ, એમ. સી. શાહ. જીતેન્દ્ર શાહ, મધુ અગ્રવાલ, સુભાષ કોઠારી વગેરે.

સ્વર્ણજયંતી પ્રસંગે સંસ્થાના હાલના નિર્દેશક શ્રી સાગરમલજી જૈન તથા માજી નિર્દેશક શ્રી દલસુખભાઈ માલવણીયા વગેરેનું સન્માન કરવામાં આવેલ, તથા પરિષદમાં હાજરી આપવા આવેલ દરેક ડેલીગેઇટને ભગવાન પાર્શ્વનાથની મૂર્તિ સાથેનું સ્મૃતિચિન્હ આપવામાં આવેલ.

હવે પછીનું બીજી કોન્ફરન્સનું સ્થળ લાડનું નક્કી થયેલ.

ભોજન અને ઉતારાની સગવડ શ્રેષ્ઠ પ્રકારની હતી.

તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only